# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## ✿ અનુક્રમણિકા ✿

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ભક્તિ નિરાળું સાધન છે | યોગેશ્વરજી | ૪ |
| ધ્યાનજન્ય ચમત્કાર | વિનોબાજી | ૬ |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ | પૂ.મા શ્રી સર્વેશ્વરી | ૧૧ |
| 'મા' સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય(૩) | પ્રો.તરલા દેસાઈ | ૧૮ |
| ત્યાં ભગવાન જરૂર હશે...! | ડૉ.આઈ.કે.વિજળીવાળા | ૨૩ |
| પ.પૂ.રણછોડદાસજી મહારાજના પ્રેરક પ્રસંગો | સંકલનઃ પરમાર્થી, મૂળ લેખિકાઃ દમયંતીબેન સેજપાલ | ૨૭ |
| Dialogue with the Lord During Meditation(2) | Jayadayal Goyandka | ૨૯ |
| અચિન્ત્યનું ધ્યાન | સ્વામી રામસુખદાસ | ૩૫ |
| સ્વર્ગારોહણના સત્કર્મો | રાજુ જાની | ૩૮ |
| સ્વીટ્ઝર્લૅન્ડ યાત્રાની પૂર્ણાહુતિ(૧) | મા સર્વેશ્વરી | ૪૨ |
| આત્માનુભૂતિ તે, તેનાં સોપાન(૧) | સ્વામી વિવેકાનંદ | ૪૭ |
| કર્મોની આવશ્યકતા | જ્યોતિ થાનકી | ૫૨ |
| શ્રી રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૯ |

# સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય

**–પૂ.મા સર્વેશ્વરી**

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઇ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ** **શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઇ લાડ** **શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# ભક્તિ નિરાળું સાધન છે

**–યોગેશ્વરજી**

પરમશાંતિની પ્રાપ્તિ, બંધનની નિવૃત્તિ ને પરમાત્મદર્શનને માટે જેટલાં સાધન છે તેમાં ભક્તિ એક નિરાળું સાધન છે. યોગ, જ્ઞાન ને ઉપાસનાના ત્રણ મુખ્ય સાધન માર્ગોમાં ભક્તિ કે ઉપાસનાનો માર્ગ વધારે સરળ, સીધો ને સર્વોપયોગી છે એમ શ્રેષ્ઠ જ્ઞાની કે વિદ્વાનોનો મત છે. યોગ કે જ્ઞાનમાર્ગે અમુક અધિકારસંપન્ન માણસો જ જઇ શકે છે. જ્યારે ભક્તિનો રાજમાર્ગ તો બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિર્બળ, અપંગ ને નિરાધાર તેમજ નિર્ધન ને સ્ત્રી કે નાતજાતના કોઇએ ભેદભાવ વિના મનુષ્ય માત્રને માટે ખુલ્લો છે. સુદૃઢ શરીરવાળાં કે નિર્બળ દેહી, નિરક્ષર કે ખૂબ જ સાક્ષર, નિર્ધન કે જેમને ત્યાં ધનના ભંડાર ભર્યા છે તેવાં, સર્વ પ્રકારનાં માણસો ઈશ્વરને ભજી શકે છે, પ્રેમ કરી શકે છે, ને એ રીતે આ ભક્તિમાર્ગનાં પ્રવાસી બની ઈશ્વરદર્શન કરી જીવનની પૂર્ણ સફળતા, સુખશાંતિ ને સમૃદ્ધિ મેળવી કૃતાર્થ થઇ શકે છે. ભક્તિમાર્ગની આ ખૂબી છે. તેમાં કોઇ અધિકારની જરૂર નથી. જે અધિકાર કે યોગ્યતા જોઇએ તે ભક્તિનું સાધન કરતાં કે ભક્તિમાર્ગમાં પરિપક્વતા આવતાં આપોઆપ આવી જાય છે. પાપી ને પુણ્યશાળી બધા જ આ ભક્તિમાર્ગના અધિકારી થઇ શકે છે. જેમ પૃથ્વી બધાને માટે છે; પવન, પાણીને આકાશ પર બધાનો અધિકાર છે, તેમ ઈશ્વર જીવમાત્રનો છે, બધાયને તેની પ્રાપ્તિ કરવાનો જન્મજાત

હક કે અધિકાર છે. ભક્તિ પણ કાંઇ ભગવાનથી જુદી નથી. તે ભગવાનનું જ સ્વરૂપ છે, ભગવાનના પ્રેમનું કિરણ છે. એટલે ભગવાનની જેમ ભક્તિ પર પણ જીવ માત્રનો જન્મસિદ્ધ અધિકાર છે. ફક્ત તે અધિકારનું ભાન કે જ્ઞાન માણસને થવું જોઇએ.

રાજા રાજા હોય છતાં રાજા તરીકેના પોતાના અધિકારને ભૂલી ગયો હોય તેમ માનવ ઈશ્વરનો પ્યારો છે, ઈશ્વરમય છે, છતાં તે સત્યને ભૂલી ગયો છે. આ ભૂલ સુધારવાને બદલે જીવનમાં તે કામ પણ એવાં કરે છે કે ઈશ્વરથી તે વધારે ને વધારે વિમુખ બનતો જાય છે, ને નશ્વર સંસાર ને વિષયોના વમળમાં અટવાઇ કામ, ક્રોધ, લોભ, સ્વાર્થ ને મમતા તેમ જ અહંતાથી આવૃત થઇ સુખ ને દુઃખ જેવાં જોડકાંમાં ઝુલ્યા કરે છે. પરમશાંતિ ને આનંદની પ્રાપ્તિની તેની ઈચ્છા ને ઝંખના એવી જ અપૂર્ણ ને નિષ્ફળ રહી જાય છે.

ભક્તિ માર્ગના પ્રવાસી બની ઈશ્વરની કૃપાને મેળવવા ઝંખનાર માણસને માટે આથી ઊલટું જ બને છે. તેના સંબંધમાં શું બને છે તેનો વિચાર આપણે ક્રમેક્રમે કરીશું. હમણાં તો એટલું જ કહીશું કે ખેતરમાં ખેતી કરનાર ને કોસ ફેરવનાર ખેડૂત, કાળી મહેનત કરનાર મજુર, ફેરિયા ને બંગલામાં રહેનારા કે આશ્રય વિના ફરનારા ને ફુટપાથ પર સૂઇ રહેનારા સર્વ કોઇ આ ભક્તિને માર્ગે જઇ શકે છે, ઈશ્વરી કૃપાનો અનુભવ કરી ઈશ્વરદર્શન કરી શકે છે, ને બીજાને તેમ કરાવી શકે છે.



# ધ્યાનજન્ય ચમત્કાર

—વિનોબાજી

[ધર્મને ચમત્કારો સાથે જોડી, તેના પ્રભાવ વડે અણસમજુ માનવોને આકર્ષિત કરી તેનો લાભ ઉઠાવવાનું આજે સમાજમાં ખૂબ ચાલે છે કહો કે આ એક વ્યવસાય બની ગયો છે.

એટલે આજના સમયમાં કયા ચમત્કારો—સાચી આધ્યાત્મિકતાના પરિણામે થતા હોય છે, તે વિષેની સરસ સમજ પૂ.વિનોબાજીએ આ લેખમાં પૂરી પાડી છે. એટલે તે વાંચી, વિચારી સાચો સાધક તેવા ચમત્કારિક પ્રભાવમાંથી છૂટી, સાચી આધ્યાત્મિકતાને પોતાના જીવનમાં સ્થાન આપે તે જરૂરી છે. તે માટે જ આ લેખ અધ્યાત્મમાં મૂક્યો છે.

પાતંજલ યોગદર્શનમાં વિભૂતિપાદનો એક આખો વિભાગ છે. ધ્યાન અને સમાધિ સિદ્ધિના પરિણામે કેવી કેવી સિદ્ધિઓ સાધકને પ્રાપ્ત થાય તેનાં ઘણાં બધાં સૂત્રો છે. પરંતુ તે સિદ્ધિઓ માનવને મુક્તિ અપાવી શકતી નથી, કિન્તુ તેના કૈવલ્યના માર્ગમાં બાધક બને છે. તે અંગે ચેતવણી ઉચ્ચારી છે. રસ હોય તેમણે પાતંજલ યોગદર્શનનો પૂ.યોગેશ્વરજીનો ગ્રંથ વાંચી જવો.

—તંત્રી]

○ 'શક્તિપાત' મને મંજૂર નથી, હું તો બુદ્ધિપૂર્વક પહોંચવા માગું.

○ યોગ દ્વારા રોગમુક્તિ યાને હરિચરણ ગુમાવી આરોગ્યપ્રાપ્તિ.

○ વિજ્ઞાને અનેકગણા ચમત્કાર કરી બતાવ્યા છે.

સિદ્ધિ—ચમત્કારોનું મેં ખાસ્સું પરીક્ષણ—નિરીક્ષણ કર્યું છે. એમાં ગુણવિકાસજન્ય ચમત્કારો સાચા, લાભદાયી અને યૌગિક હોય છે. બાકીના બધા કાલ્પનિક. કેટલાક આશ્વાસનાત્મક પણ હોય છે. એટલે લાભદાયી નીવડે છે. કેટલાક નુકસાન પણ કરે છે. એટલા માટે ગીતામાં શ્રદ્ધાને સાત્ત્વિક, રાજસ, તામસ, એમ ત્રણ ભૂમિકામાં વહેંચી છે.

અમે નાના હતા ત્યારે દેશમાં સ્વરાજ્ય—પ્રાપ્તિની હવા હતી. તે વખતે શ્રી અરવિંદના ભાઇ બારીન્દ્રજી સામે બોમ્બકેસ ચાલી રહ્યો હતો. શ્રી અરવિંદ પર પણ ચાલ્યો. અમને તેમને માટે ખૂબ આદર હતો. એક દિવસ સમાચાર આવ્યા કે તેમને સમાધિ લાગી અને પૃથ્વીથી આઠ ઇંચ ઊંચે અંતરાળમાં તેમણે બેઠક જમાવી. એટલે કે ભૂમિ યા આસનનો સ્પર્શ ન થયો. યોગસિદ્ધિને કારણે શ્રી અરવિંદ અંતરાળમાં બેઠા, આ સમાચાર વાંચીને કોણ જાણે કેમ પણ એ ચીજ માટે મારા ચિત્તમાં અશ્રદ્ધા નિર્માણ થઇ. અને પછી ક્યારેય તેના પર બેઠી જ નહીં.

બીજી એક ઘટનાનો સંબંધ એની બેસન્ટ સાથે છે. એક દિવસ તેમનું મદ્રાસમાં પ્રવચન થઇ રહ્યું હતું. અને તે જ દિવસે, તે જ સમયે મુંબઇમાં ડૉ. સર ભાલચંદ્ર ભાટવડેકર સાથે તેમની વાતચીત ચાલી રહી હતી. ભાટવડેકર ખૂબ પ્રસિદ્ધ ડૉકટર હતા. તેમની ઓફિસમાં તે જ દિવસે, તે જ સમયે બંને સામસામાં બેસીને વાતચીત કરી રહ્યાં હતાં. મદ્રાસના ભાષણના અને તેમની વાતચીતના વિષય ભિન્ન ભિન્ન હતા. આ સાંભળી હું આશ્ચર્યચક્તિ રહી ગયો. એ માણસ પોતે કહી રહ્યો હતો કે 'મેં વાત કરી.' તો એને જૂઠો ન કહી શકાય. મને લાગ્યું કે એ બન્યું હશે. સંભવ છે કે એમણે રૂમમાં ડૉ. બેસન્ટનું ચિત્ર રાખ્યું



હોય અને ધ્યાન કર્યું હોય. તેમણે કેટલાક પ્રશ્ન પૂછ્યા હશે અને તેમને ઉત્તર મળ્યા હશે. મારું માનવું છે કે આ પ્રકારનો અનુભવ આવી શકે. એ સિદ્ધિનો પ્રયોગ એની બેસન્ટે કર્યો નહીં હોય, એ થયો હશે. તીવ્ર શ્રદ્ધા અને ધ્યાનશક્તિને પરિણામે ડૉ. ભાલચંદ્રને એ અનુભવ આવ્યો હશે. સંભવ છે કે એમનો અને ડૉ. બેસન્ટનો ઘનિષ્ઠ સંબંધ હોય અને તે દિવસે ડૉ. બેસન્ટે ભાલચંદ્રનો વિચાર પણ કર્યો હોય—કોઇ શક્તિનો પ્રયોગ કરવા માટે નહીં, સહજરૂપે. અને તેથી એ અનુભવ આવ્યો હોય. આ રીતે એક બાજુ શ્રદ્ધા હતી અને બીજી બાજુ ધ્યાનનો પ્રયોગ થયો. તો મને એ અસંભવ નથી લાગતો. પરંતુ એટલું નિશ્ચિત કે એનો અધ્યાત્મની સાથે કશોયે સંબંધ નથી.

પાડાની પીઠ પર ચાબખા માર્યા અને જ્ઞાનદેવની પીઠ પર સોળ ઊઠ્યા એવા ચમત્કારોને માનવા હું તૈયાર છું. કેમ કે સમજી શકું છું કે એ કરુણામૂલક ચમત્કાર છે. કરુણાને કારણે જ્ઞાનદેવનું ચિત્ત પાડાના ચિત્ત સાથે એકરૂપ થયું અને તેમના પર તેની અસર થઇ. પરંતુ 'જ્ઞાનદેવ એક ભીંત પર બેઠા અને ભીંત ઊડવા લાગી'— આ વાત મને નથી સમજાતી. ભીંત ઊડે તે માટે શો ચમત્કાર થયો? સામાન્ય ટ્રેન પણ ધસમસતી દોડે છે, તે શું ઓછો ચમત્કાર છે? મને તેનું આકર્ષણ નથી. હા, એ એક રૂપક છે. જ્ઞાનેશ્વર મહારાજે ભીંત ચલાવી. કોની સામે? ચાંગદેવ સિંહ પર બેસીને આવી રહ્યા હતા, એમના સ્વાગત માટે જવાનું હતું, તો એમના કરતાં કાંઇક સવિશેષ કરવાનું હતું. કોઇ જાંબુ લઇને આપણને મળવા આવે તો આપણે તેને કેરી આપીને આવકારીએ, તેના જેવું. જ્ઞાનદેવ મહારાજ એ વખતે ભીંત પર બેઠા હતા, તો એમણે ભીંતને જ ચલાવવા માંડી—આવી કથા પ્રસિદ્ધ છે. આ રૂપકનો અર્થ એટલો થાય કે ચાંગદેવ સિંહ પર

બેસતા એ એમની અહિંસાનો ચમત્કાર, તો જ્ઞાનદેવે ભીંત ચલાવી એટલે જડને ચેતનમય બનાવ્યું.

ઘણાં વરસો પહેલાંની વાત છે. મુંબઈમાં એક મેસ્મેરિઝમવાળો મને કહે કે હું સામેની વ્યક્તિના ચિત્ત પર અસર પાડી ધાર્યું કામ કરાવી શકું છું. મેં કહ્યું, 'તો લે, કર મારા ઉપર પ્રયોગ.' મને કહે, 'મારી સામે અપલક જોયા કરજો.' પછી એ એની આંગળીઓ નચાવતો રહ્યો અને હું જોતો રહ્યો. ૧૫ મિનિટ ગઈ, ૨૦ મિનિટ ગઈ પણ કાંઈ પરિણામ ન આવે. છેવટે કહેવા લાગ્યો, 'તમારું નિશ્ચયબળ દૃઢ છે, એટલે કાંઈ અસર ન થઈ.' ત્યારે મેં એને ધમકાવ્યો કે નબળા દિલવાળા લોકોનો લાભ ઉઠાવી આ શું ધંધો માંડ્યો છે? કોઈના ચિત્તને નબળું પાડી એની નબળાઈનો લાભ ઉઠાવી એનું કલ્યાણ કરવાની વાત મને જરાય મંજૂર નથી.

આવો બીજો એક ફેડ (ઘેલછા) છે 'શક્તિપાત'નો. માથા પર હાથ મૂક્યો અથવા આલિંગન આપ્યું કે થઈ ગયું પરિવર્તન! સ્પર્શ માત્રથી કોઈ મુક્તિ અપાવે એવી મુક્તિ મને ન ખપે. હું પોતે સમજી–વિચારીને પહોંચવા માંગું. બાકી દિલ–દિમાગને નબળાં પાડી શ્રદ્ધાને જોરે કામ થાય તે હંમેશાં કલ્યાણકારી નથી નીવડતું. અને તેમાં જો કૃતાર્થતાનો ભાસ થઈ ગયો તો તો આવી જ બન્યું! પછી પ્રગતિ માટે કોઈ અવસર નથી રહેતો.

યોગસાધનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ એ કાંઈ મુક્તિની અવસ્થા નથી. બલ્કે મુક્તિના માર્ગમાં અવરોધક છે. તેની કિંમત કેટલી? રામકૃષ્ણ પરમહંસે એક યોગીનો પ્રસંગ ટાંક્યો છે. વીસ વરસ સાધના કરી તેણે પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી. ગંગાના પાણી પર ચાલતો ચાલતો તે રામકૃષ્ણદેવ પાસે આવ્યો



અને કહ્યું, 'જુઓ હું કેવો પાણી પર ચાલતો ચાલતો આવું છું.' તો રામકૃષ્ણે કહ્યું, 'આને શું યોગ કહેવાય? બે પૈસા આપીને હોડીમાં બેસીને નદી પાર કરી શકત. તેને માટે વીસ વરસ સાધના કરવાની શી જરૂર?' વીસ વરસની સાધનાની કિંમત બે પૈસા!

મને પૂછે છે, યોગ દ્વારા ચક્કર આવતા બંધ કરવાનો પ્રયોગ તમે કેમ નથી કરતા? પરંતુ સમજવાની વાત છે કે ધ્યાનનો ઉપયોગ ભૌતિક કાર્ય માટે કરવો, આધ્યાત્મિક દૃષ્ટિએ નુકસાનકારક છે. એટલા માટે મોટા મોટા યોગીઓએ પણ દુઃખ ભોગવીને જ રોગમાંથી મુક્તિ મેળવી. રોગ થાય જ નહીં, એ અસલી યોગ છે. એ તો ન સધાયું. એવી સ્થિતિમાં રોગનિવારણ માટે યોગનો ઉપયોગ કરવો એટલે હરિચરણ ગુમાવીને આરોગ્યપ્રાપ્તિ કરવી, મતલબ વ્યાજના લોભમાં મુદ્દલ ગુમાવવું.

આમ, કેટલાક ચમત્કાર ચિત્તશુદ્ધિના પરિણામે થાય છે, કેટલાક ચમત્કાર શ્રદ્ધાના પરિણામે થાય છે. કેટલાક યોગસિદ્ધિના પરિણામે થાય છે. ચિત્ત સાફ હોય, અહિંસા સંપૂર્ણપણે આત્મસાત્ થઈ ગઈ હોય, વેર ખતમ થઈ ગયું હોય એવા મનુષ્યને સાપ કશું નથી કરતો, આવીને એના ખોળામાં બેસી જાય છે. આ પણ એક ચમત્કાર જ છે. એ કોઈ નાનોસૂનો ચમત્કાર ન ગણાય! નિર્વિકાર, નિરહંકાર, અહિંસામય ચિત્ત હોય તો આવું બની શકે.

બાકી, હું માનું છું કે યૌગિક ચમત્કાર કરતાં અનેકગણા ચમત્કાર વિજ્ઞાને કર્યા છે. તટસ્થ દૃષ્ટિએ જોઈએ તો કોઈ દિલ્હીમાં બોલે અને આપણે અહીં વર્ધામાં સાંભળીએ એ કેટલો વિલક્ષણ ચમત્કાર છે! આથી મોટો ચમત્કાર કોઈ યોગી કરશે કે?

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૭ ફેબ્રુઆરી–૨૦૧૫ અંક ૫

## દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ(૨)

**તા.૧૮/૧૧/૮૨, ગુરુવાર, કારતક સુદ ત્રીજ ૨૦૩૯ ડરબન શહેર**

ઘડિયાળનો સમય હવે ડરબન પ્રમાણે કરી દીધો. અહીં પાંચ વાગ્યે સવારે અજવાળું થઇ જાય છે. જેથી સમયસર ઊઠી સ્નાન કરી પૂ.શ્રીએ અને મેં સો માળાનો નિયમ પૂર્ણ કર્યો. સવારે થોડી નોંધ લખી. પૂ.શ્રીએ એક લેખ લખ્યો.

ગઇ કાલની યાત્રાનો થોડો થાક જણાય છે. જેથી થોડો આરામ જરૂરી જણાય છે.

છતાં આજે શ્રી રામકૃષ્ણ સેન્ટરના દર્શને જવાની પૂ.શ્રીએ ભાવના બતાવી. કાર્યકર્તા ભાઇઓ પૈકી શ્રી. રતિભાઇ તે સેન્ટરના સભ્ય હતા. ભોજન બાદ ત્યાં જવાનું બન્યું.

શ્રી રામકૃષ્ણ સેન્ટર ડરબન શહેરમાં આવેલું છે. એસેવીલ નામના વિસ્તારમાં એબેલીયા રોડ ઉપર આ નવું સેન્ટર થયું છે. જૂનું સેન્ટર જરા દૂર હોવાથી નવા સેન્ટરમાં જવાનું હતું.

ઉપર મોટા શિવલિંગના આકારનો ઘુંમટ હતો. નીચે



વિશાળ ભોંયરામાં આ સ્થાન આવેલું છે. નીચે પ્રવેશતાં જ શ્રી રામકૃષ્ણદેવની સુંદર સમાધિદશાની ઊભી સફેદ પ્રતિમાનાં દર્શન થાય છે. એ પ્રતિમા અહીંના યુરોપીયન કલાકારે બનાવી છે. જાણે સાચે જ શ્રી રામકૃષ્ણદેવ ઊભા છે એવો ભાસ થાય છે.

અંદર વિશાળ હોલ છે. અને પેલા ગોળ શિવલિંગના આકારના ઘુંમટની બરાબર નીચે એટલે કે આ હોલમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમાનાં દર્શન થાય છે. પાસે જ શ્રી વિવેકાનંદ અને શ્રી શારદામાતાની તસ્વીરો પણ જોવા મળે છે. હોલમાં ખૂબ શાંતિ લાગે છે.

અમે પાસે જઇ પ્રણામ કરી દર્શન કર્યાં. ત્યાં તો શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજી આવી ગયા. અમારી સાથેના ભાઇએ પૂ.શ્રીનો પરિચય કરાવ્યો. સ્વામીજી અંદર એમના કાર્યાલયની ખાસ બેઠક તરફ અમને લઇ ગયા. ત્યાં થોડું બેઠાં. શ્રી રામકૃષ્ણદેવની, દક્ષિણેશ્વરની, શ્રી રામકૃષ્ણ મીશનના પ્રમુખોની વાતો થઇ.

વિદાય વખતે સ્વામીજીએ પૂ.શ્રીને નીચા નમીને પ્રણામ કર્યા. કાર્યાલયની બીજી બાજુ મા શારદાદેવીની સફેદ પ્રતિમા હતી.

ઉપરના ભાગમાં ગાડી જ્યાં પાર્ક કરી હતી ત્યાં સુધી સ્વામીજી વિદાય આપવા આવ્યા. નમ્રતા, પ્રેમાળ મિલનસાર સ્વભાવ એ સ્વામીજીની વિશેષતા હતી.

સ્વામીજી પૂ.શ્રીનું પ્રવચન અહીં ગોઠવવાની ને ફરી પધારવાની વારંવાર વિનંતિ હાથ જોડીને કરતા હતા. ભગવાં

વસ્ત્રધારી એ સ્વામીજીને અમે પણ ભાવભર્યા પ્રણામ કરી વિદાય લીધી.

ડરબન દરિયાકિનારે આવેલું છે. હિન્દી મહાસાગર અને ડરબનની અમગેની નદીનો સંગમ પણ અહીં જોવા મળે છે. અમારી ગાડી દરિયાકિનારે લીધી. ત્યાં થોડી વાર ગાડી ઊભી રાખી. દરિયાનાં મોજાંનું દૃશ્ય ખૂબ સુંદર હતું. હજારોની સંખ્યામાં યુરોપીયન સ્ત્રીપુરુષો શરીરે તદ્દન ઓછાં કપડાં વીંટીને સૂર્યપ્રકાશમાં દરિયાકિનારે સૂતાં હતાં.

ભારતની જેમ અહીં પણ વિવિધ વૃક્ષો ને ફૂલો જોવા મળે છે. પરદેશમાં જોવા મળતી સ્વચ્છતા અહીં પણ જોવા મળી. રસ્તા પહોળા ને વ્યવસ્થિત હતા.

ભારતીય ભાઇબહેનો અહીંનું નાગરિકત્વ સ્વીકારીને કાયમ માટે વસી ગયાં છે. કોઇ ત્રીસ, કોઇ ચાલીસ, કોઇ પચાસ વર્ષથી અહીં રહે છે. મોટે ભાગે સૌ વેપારી છે. કાપડની, ચંપલની, અનાજની દુકાનો ધરાવે છે. આર્થિક રીતે એ સૌ સુખી જણાય છે.

અહીં બહુમાળી મકાનોની ઈમારતો જોવા મળે છે. લોકો ફ્લેટમાં રહેતા હોય છે. અહીં ગુજરાતીઓની પણ વિવિધ સંસ્થાઓ છે. અમારા ઉતારાની સામે જ સપ્તાહમંદિર જોવા મળે છે. વળી, વિવિધ સંપ્રદાયોનાં મંડળો પણ અહીં છે.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે બપોરના ત્રણ વાગી ગયા હતા. આજે એક સત્સંગી ભાઇ પોતાની નવી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્ય બન્યા. તેઓ એ માસિકના ત્રણ વર્ષથી ગ્રાહક હતા.



સાંજે પાંચ વાગ્યે સંતરાંનો રસ લીધો. થોડો આરામ કર્યો.

સાડા છ વાગ્યે સત્સંગની બેઠક શરૂ થઇ, જેમાં પૂ.શ્રીએ એક નાનકડો વાર્તાલાપ આપ્યો. પછી પ્રશ્નોત્તરી શરૂ થઇ, જેમાં નીચેના પ્રશ્નોની સુંદર ચર્ચા થઇ.

**પ્રશ્ન:**

**૧.** તંત્ર, મંત્ર, વામમાર્ગ એટલે શું?

**૨.** ગાયત્રીમંત્ર ઉપર પ્રકાશ પાડશો?

**૩.** સંત, યોગી, મહાત્મા, અવધૂત એ બધા વચ્ચે શો તફાવત છે?

**૪.** ધ્યાનમાં શરીર ઉપર ઊઠે છે તો તે ધ્યાનની સ્થિરતા કહેવાય?

**૫.** કેટલાક કોઇ વસ્તુ કે ખાવાનું હવામાંથી, મોઢામાંથી કાઢે છે તે કઇ વિદ્યા છે?

પૂ.શ્રીએ દૃષ્ટાંતો સાથે પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. સાડા છ થી સાડા આઠ બે કલાક સુધી એ સત્સંગ ચાલ્યો.

જે સંસ્થાએ અમને અહીં બોલાવ્યાં છે તેના કાર્યકર્તાઓ પૂ.શ્રીને છ માસ સુધી રોકવા ઇચ્છે છે. પૂ.શ્રી ત્રણ માસ જ આપનાર છે તેની વાત પણ થઇ. એ સંસ્થા અમારું જાહેર સ્વાગત કરવાનું ગોઠવે છે. આવતા રવિવારે તા.૨૧મીએ તે કાર્યક્રમ થશે. એની થોડી વાતો થાય છે.

નવ વાગ્યે દૂધ ને ફળ લઇએ છીએ. પછી થોડી વાર ધ્યાનમાં બેઠા પછી આરામ.

દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આજે બીજો દિવસ આ રીતે પૂર્ણ થાય છે.

**તા.૧૯/૧૧/૮૨, શુક્રવાર, કારતક સુદ ચોથ ૨૦૩૯ પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે સાડા ચાર વાગ્યે પૂ.શ્રી નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈ જાય છે. એકાદ કલાક વ્યાયામ કરે છે. આઠ વાગ્યા સુધી ધ્યાનમાં બેસે છે. દૂધ પીને લેખન શરૂ કરે છે. નિત્યકર્મમાંથી મેં પણ પાંચ વાગ્યે નિવૃત્તિ લઈ લીધી. પછી વ્યાયામ, સો માળાનો મંત્રજપ કર્યા બાદ નોંધપોથીમાં નોંધ કરી.

સાડા અગિયાર વાગ્યે દાળ, ભાત, શાકનું ભોજન પૂ.શ્રીના ઓરડામાં જ જમીન ઉપર પાટલા પર બેસી લઈ લીધું.

ભોજન બાદ થોડા આરામ પછી ડરબનના દિવ્યજીવન સેન્ટરમાં જવાનું બન્યું. ત્યાંના સ્વામીશ્રી સહજાનંદજીને મળવાનું પણ બન્યું. સ્વામીજીએ પ્રાર્થનાખંડ, પ્રેસ વ. બતાવ્યું. થોડી વાતો કરી. દિવ્યજીવન સેન્ટરમાં પૂ.શ્રીનો ઉતારો થાય એવી પણ તેમણે ભાવના બતાવી. ગુજરાતી પુસ્તકો પણ અહીં છપાય છે. પાંચ પુસ્તકો પણ પૂ.શ્રીને ભેટ આપ્યાં. સ્વાગતમાં દૂધ વગેરે અપાયું.

આ સંસ્થા અમગેની નામની નદીના કિનારે આવેલી છે. જગ્યા ખૂબ વિશાળ છે. સાધકોને રહેવાની પણ અહીં સગવડ છે. આ સ્થાન ૫૭૦, ન્યુ જર્મની રોડ, કલેર ઈસ્ટેટ વિભાગમાં આવેલું છે. દિવ્યજીવન સેન્ટરમાંથી વિદાય લઈ અમે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં ગયાં.

શ્રી રામકૃષ્ણ સેન્ટરનું આ સ્થાન જૂનું છે. ટેકરી ઉપર કુદરતી વનરાજીની વચ્ચે કાચા માર્ગે અમારી ગાડી આગળ વધી. રેડહીલ ઉપરના એ સ્થાનમાં મોર જોવા મળ્યા. ભારતીય



ફળોનાં વૃક્ષો આસપાસ ઊભાં હતાં. આંબો, સીતાફળ, ચીકુનું ઝાડ, રામફળ, જમરૂખ જેવાં વિવિધ વૃક્ષોની વનરાજીમાં એ સ્થાન ઘણું રળિયામણું લાગતું હતું.

એ સ્થાનમાં પ્રવેશતાં જ મોરે બેત્રણ વાર ટહૂકા કરી જાણે સ્વાગત કર્યું. ભગવાન શંકરની સફેદ મૂર્તિ ઉપર પાણીનો અભિષેક થયા કરતો હતો તે દૃશ્ય આગળ આવેલા નાનકડા બગીચામાં હતું.

અંદરના ભાગમાં પ્રવેશતાં જ એક નાનકડી ઉંમરના સ્વામી મળ્યા. તેઓએ સ્થાન બતાવ્યું.

પ્રાર્થનાખંડ અહીં પણ હતો. જેમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમા હતી. હોલમાં ખૂબ શાંતિ હતી. દશેક મિનિટ ત્યાં ગાળી. હોલની ઉપરના ભાગમાં આ સેન્ટરના સ્થાપક સ્વામીશ્રી નિશ્ચલાનંદનો એક સ્મૃતિખંડ હતો, જ્યાં સ્વામીજીની તસવીર, પલંગ, પુસ્તકો વ. રાખવામાં આવ્યું હતું. માળ ઉપર એક બીજા ઓરડામાં મ્યુઝિયમ પણ હતું. ત્યાંથી ફરીને નીચે બેઠકના ઓરડામાં બેઠાં. સ્વાગતમાં વિવિધ પદાર્થોને બદલે પૂ.શ્રીએ દ્રાક્ષ જ ગ્રહણ કરી. અહીં પણ રહેવાની સગવડ પૂ.શ્રીની થઈ શકે એવું જણાવવામાં આવ્યું. આ સંસ્થા એક પ્રેસ પણ ધરાવે છે, જે 'જ્યોતિ' નામની એક પત્રિકા પણ બહાર પાડે છે. અહીં પણ સ્વામીજીએ પુસ્તકો ભેટ આપ્યાં.

ફરીથી ઉતારા ઉપર આવી ગયાં. શહેરના મધ્યભાગમાં બહુમાળી મકાનો ૪૦–૪૫ માળનાં પણ જોવા મળે છે. શહેરના બીજા વિસ્તારોમાં છૂટાં ઘરો ટેકરી ઉપર જોવા મળે છે. અહીં દક્ષિણ ભારતના ઘણા ભાઈઓ રહે છે. ૧૨૨ વર્ષ પહેલાં

ભારતીય પ્રજા અહીં આવી હતી. શેરડીનાં ખેતરોમાં કામ કરવાની તેમણે શરૂઆત કરી હતી. આજે પણ ભારતીય પ્રજા ખેડૂત તરીકે પણ અહીં કામ કરે છે. અહીં મુસ્લીમોની પણ ઘણી વસ્તી છે.

ઉતારાની સામે જ મુસ્લીમ ભાઈઓની દુકાનો જોવા મળે છે. ઉત્તરપ્રદેશના ભાઈઓ પણ અહીં મોટી સંખ્યામાં વસેલા જોવા મળે છે.

સાંજે ધ્યાનની બેઠક થઈ. ત્યારબાદ 'કળીમાંથી ફૂલ' પુસ્તકમાંથી એક પ્રસંગ વંચાયો. સૌની વિદાય પછી સાંજે બટાકાપૌઆ અને દૂધનો અલ્પાહાર કર્યો.

આજે રબ્બી, ઈંગ્લેન્ડથી શ્રી કલ્યાણ પ્રાર્થનામંડળના પ્રમુખનો ફોન હતો. તેમણે પૂ.શ્રીને ઈંગ્લેન્ડ આવવા આમંત્રણ આપ્યું.

ફોનની વાતચીત પછી આરામ.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ.મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય(૩)

–પ્રોફેસર તરલા દેસાઈ

સુરતમાં ૧૯૭૦ના ડિસેમ્બરમાં સનાતન હોલમાં યોજાયેલાં શ્રી યોગેશ્વરનાં પ્રવચનો સાંભળી 'મા' એવાં ધન્ય બની ગયાં કે, એ સંતપુરુષ એમને 'દીવાદાંડી' સમા લાગ્યા અને ૧૯૭૧માં ફરી સાંભળતાં એમને 'મા'એ 'સદ્‌ગુરુપદે' સ્થાપી દીધા. એમનાં પુસ્તકો વાંચતાં વાંચતાં 'મા' લખે છે તેમ 'પૂજ્યશ્રી પ્રિય લાગ્યા, પૂજ્ય લાગ્યા, વંદનીય લાગ્યા, જ્ઞાની લાગ્યા, નમન કરવા યોગ્ય લાગ્યા,'

પછી તો શ્રી યોગેશ્વરનાં પ્રવચનો–શિબિરોમાં 'મા' નિયમિત જવા લાગ્યાં. શ્રી યોગેશ્વર સાથે સાધના અંગે નિયમિત પત્રવ્યવહાર થવા માંડ્યો. અને જોતજોતામાં તેઓશ્રી 'આરાધ્યદેવ' તરીકે 'મા'ના અંતરમાં પ્રતિષ્ઠિત થઈ ગયા.

૧૯૭૯માં શ્રી યોગ્શ્વરને હૃદયરોગનો હુમલો આવતાં એમની સેવા અર્થે શાળાના આચાર્યાપદેથી રાજીનામું આપી, ઘર ત્યાગી કાયમ માટે સદ્‌ગુરુ સાથે 'મા' રહેવા આવી ગયાં. ઈ.સ.૧૯૮૦ની શ્રી યોગેશ્વરનાં માતુશ્રીની મરણતોલ બીમારીમાં તેમની સગી દીકરી પણ ન કરે એવી સેવા કરી .

ઈ.સ.૧૯૮૧થી ઈ.સ.૧૯૮૪ સુધી 'મા' દેશવિદેશની બધી જ યાત્રાઓ-પ્રવચનશ્રેણીઓ–શિબિરોમાં શ્રી યોગેશ્વર સાથે જ રહ્યાં. પૂજ્યશ્રીના દરેક પ્રવચનને અંતે 'મા'નો વાર્તાલાપ કે એમનું મધુર ભાવભીનું ભજન હોય જ. 'મા'ના ઋજુ, કોમળ,

અતિ પ્રેમાળ, મિલનસાર સ્વભાવથી લોકહૃદયમાં એમનું સ્થાન દૃઢ થઇ ગયું.

શ્રી યોગેશ્વરે 'મા' જગદંબાના આદેશથી એમને 'મા' સર્વેશ્વરી નામ આપ્યું; એટલું જ નહીં, 'મા'નું ગૌરવ કરતા કહ્યું, ''મા'' આપણા પરિવારમાં નથી જોડાતાં આપણે ''મા''ના પરિવારમાં જોડાયાં છીએ.'

વિદેશ જતા શ્રી યોગેશ્વરને કોઇએ કહ્યું કે, 'આપ વિદેશ જાઓ છો તો એકાદ ભગિની નિવેદિતાને લેતા આવજો,' ત્યારે એમણે કહ્યું; 'અમે તો વિદેશમાં સર્વેશ્વરી બતાવીશું, કહીશું; જુઓ! ભારતમાં આવાં સ્ત્રીરત્નો છે.'

શ્રી યોગેશ્વરે અમદાવાદના નારણપુરાના સકલ એપાર્ટમેન્ટ 'સત્યપથ'માં 'મા'ને માટે નિવાસસ્થાન રચી એમને અત્યંત સન્માનપૂર્વક સાથે રાખ્યાં. તેઓશ્રી 'મા' સર્વેશ્વરીનો પૂરો આદર કરતા અને કરાવતા. એક વાર નીચે બેઠેલાં 'મા'ને આસન આપવા અનુરોધ કરી કહ્યું, 'સર્વેશ્વરીના શરીરનું એ પૂજન નથી. એમના ગુણનું – ત્યાગનું પૂજન કરવું એ સમાજનું કર્તવ્ય છે.'

તેઓશ્રી કહેતા કે, '''મા'' સર્વેશ્વરીનાં સર્વ લક્ષણો સાધનાથી મળેલાં પરિણામ જેવાં છે. અમે હિમાલયમાં તપ્યા તો એમણે નોકરી કરતાં કરતાં તપ કર્યું.' તેઓશ્રી અચૂક કહેતા; 'જો પ્રભુનું શરણ લો વિશ્વાસ રાખો સાત્ત્વિક જીવન જીવો તો અંદરથી પ્રસન્નતા આવે છે. આખું કલેવર સાત્ત્વિક થઇ જાય. તમારી વાણી, તમારી આંખ, તમારું વર્તન પણ પ્રેમમય થશે.''મા'' સર્વેશ્વરીના ચહેરાને જોયા કરજો,'



'મા' સર્વેશ્વરીના સાધનાત્મક પ્રશ્નોના શ્રી યોગેશ્વર બહુ સરળ ઉકેલ આપતા. 'મા' પૂછતાંઃ 'પ્રકાશદર્શન થાય છે પણ એની પાછળ પ્રભુનું સાકાર દિવ્ય રૂપ છે તે કેમ નથી દેખાતું?' તેઓશ્રી કહેતા; 'પ્રકાશ જ એનું મૂળ રૂપ છે. એની આગળ અથવા પાછળ આકૃત્તિ હોય. તમને મૂળ રૂપ તો દેખાયું ને?' 'મા' પૂછતાં; 'રોજ દર્શન કરવા માટે શું કરવું?' તેઓશ્રી કહેતાઃ 'રોજ લાડુ સારા લાગે? પ્રાર્થના કર્યા કરવી.'

શ્રી યોગેશ્વર સ્પષ્ટ કહેતા; 'ગુરુ–શિષ્યનો સંબંધ શેઠ–નોકરનો નથી. એ માનવ–માનવ સાથેનો, માનવતાયુક્ત દૈવી સંબંધ છે. ગુરુને ગુરુ તરીકે પૂજી ભગવાન પાસે પહોંચવાનું છે. ભેદબુદ્ધિ નાશ પામતાં ગુરુને પ્રભુ માની પૂજી શકાય.'

'મા' સર્વેશ્વરીને અનન્ય હૈયાધારણ આપતાં શ્રી યોગેશ્વરે કહેલું : 'તમે તો જનમોજનમ સાથે જ રહેશો. તમારા જેવું પ્રિય મને કોઇ નથી. એ વાત ફક્ત બોલવા માટે જ નથી. હું તમારી સાથે છું પછી જગતની શી ચિંતા? પ્રભુનું મધુર પવિત્ર પ્રેમસ્વરૂપ જ યાદ કરો. પ્રેમથી જ જીવવાનું ને પ્રેમમય જ વ્યવહાર.'

આપણે જગતને એવો આદર્શ ધરીએ કે, જગત મોંમાં આંગળાં નાખી જાય. જુએ કે પ્રેમ તો આવો, ત્યાગ તો આવો જોઇએ. સમર્પણભાવ હોય તો આવો જ જોઇએ. સંયમ અને મધુરતાનો આદર્શ!

શ્રી યોગેશ્વર અને 'મા' સર્વેશ્વરીના આવા પવિત્ર સાત્ત્વિક મધુર અદ્વૈતને કાળની આંચ સાચે જ અડી શકી નથી. આજે ત્રીસ વર્ષ વીત્યા પછી પણ એ 'આધ્યાત્મિક સાયુજ્ય' પ્રત્યગ્ન

પુષ્પ જેવું તરોતાજા છે. 'સત્યપથ' અને 'સ્વર્ગારોહણ'નું કણકણ એની શાહેદી પૂરે છે. શ્રી યોગેશ્વરના આરાધકો – 'મા' સર્વેશ્વરીના સાધકોએ ખુલ્લી આંખે જોયેલું–અનુભવેલું એ 'પરમ સત્ય' છે.

અધ્યાત્મવિશ્વનું પરમ સદ્‌ભાગ્ય છે કે, તા. ૧૮ માર્ચ ૧૯૮૪માં શ્રી યોગેશ્વરના બ્રહ્મલીન થયા પછી તેઓશ્રીના અધ્યાત્મતેજને અધિક દીપાવવા 'મા' સર્વેશ્વરીની તપશ્ચર્યા દિનપ્રતિદિન અધિક ને અધિક દીપ્તિમંત બનતી ગઈ. 'મા'ની અહમ્‌રહિતતાનું ઐશ્વર્ય અંબાજીના 'સ્વર્ગારોહણ'ને શ્રી યોગેશ્વરના 'પુનિત સ્મૃતિતીર્થ'ની સાથે સાથે 'મા' સર્વેશ્વરીના 'મંગલ સ્નેહતીર્થ'નું ગૌરવ બક્ષે છે. આ પુણ્યભૂમિ 'મા'ના પવિત્ર પ્રેમની સોગાદ છે. પણ 'મા' કહે છે તેમ : 'આવે એ પામે. આવી શકે એ જ પામી શકે. આ ભૂમિની દિવ્યતા–પ્રભુતા સદૈવ ભાવિકોની પ્રતીક્ષામાં હોય છે.'

'મા' 'સ્વર્ગારોહણ' માટે લખે છેઃ 'તા.૩૧-૧૦-૧૯૮૩ના રોજ પૂજ્યશ્રીનાં ચરણકમળ માત્ર પાંચ મિનિટ અહીં પ્રતિષ્ઠિત થયાં એનો આ સમર્થ પ્રભાવ. એક ક્ષણિક સ્પર્શનો આવો ચમત્કાર! જેણે આ ભૂમિને તીર્થનો મહિમા અર્પ્યો. આ પવિત્ર ભૂમિ અહીં આવનાર શક્તિસ્વરૂપોથી ભક્તોથી, સાધકોથી, જિજ્ઞાસુઓથી ચિન્મય બની રહે છે.' આપણે કહીએ 'એ પાંચ મિનિટ'ને અનેકાનેક મિનિટ–કલાકો–મહિનાઓ –વર્ષોથી ગુણીએ એટલા 'અનંત સમયદેવતા'ને 'મા' એ પોતાના અસ્ખલિત તપ–જપથી, અવિરત સાધનાથી, મન–વચન–મૌન–કર્મથી, પ્રત્યેક શ્વાસનો અર્ઘ્ય ધરી, અખૂટ ભક્તિભાવથી,



અનન્ય શ્રદ્ધા અને સમર્પણથી, અનેક સેવાકાર્યોથી આ પૂણ્યભૂમિનો મહિમા એટલો વધારી દીધો છે કે, અહીંના અણું–પરમાણુંમાં એક વિભૂતિસીમિત ચૈતન્યનો જ નહીં, એક વિરાટ ચૈતન્યનો – પરમ પ્રભુનો આવિર્ભાવ વરતાય.

આજે ત્રીસ–ત્રીસ વર્ષ પછી, સાધનાનાં એક પછી એક સુમેરું શિખરો સર કર્યા પછી, શ્રી યોગેશ્વર–ગુરુદેવના એક એક વિચાર, આદર્શ, ધ્યેય, સ્વપ્ન અરે! એક એક તરંગ–સ્પંદનને મૂર્તરૂપ આપ્યા પછી પણ 'મા' એ ક્યાંય પોતાનું નામ ઊપસવા દીધું નથી. પોતે સ્વયંસિદ્ધ હોવા છતાં, અનેક દિવ્ય–અલૌકિક શક્તિઓથી વિભૂષિત હોવા છતાં, સાધનાનો–તપનો કોઈ છેડો ન હોઈ શકે, એ સતત રહેવી જોઈએ; એવો આદર્શ 'મા' ક્ષણ–ક્ષણમાં મૂકી રહ્યાં છે.

(ક્રમશઃ)

**✲ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✲**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# ત્યાં ભગવાન જરૂર હશે...!

—ડૉ.આઇ.કે.વિજળીવાળા

'કાલે સવારે હું તારા હૃદયનું ઑપરેશન કરવાનો છું.' એક નિષ્ણાત સર્જન હૃદયરોગથી પીડતા એક પાંચેક વરસના બાળકને સમજાવી રહ્યા હતા. બાળકને ઑપન હાર્ટ સર્જરીના ઑપરેશન માટે બીજે દિવસે લેવાનું હતું. 'અને પછી તારા હૃદયને હું ખોલીને જોઇશ કે...'

'તમને ત્યાં ભગવાન બેઠેલા દેખાશે.' સર્જન પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં પેલો બાળક બોલી ઊઠ્યો.

ભગવાનના અસ્તિત્વનાં ન માનતા નાસ્તિક સર્જનને આ ન ગમ્યું. અણગમાના ભાવ સાથે એમણે આગળ કહ્યું , 'બેટા! હું તારા હૃદયને છરીથી કાપીને જોવાનો છું કે અંદર કેટલું નુકસાન થયું છે અને...'

'પણ તમે જો જો હો, ત્યાં તમને ભગવાન જરૂર મળી રહેશે. એ આપણા હૃદયમાં જ રહેતા હોય છે.' સર્જન પૂરું કરે તે પહેલાં ફરીથી પેલો છોકરો બોલી ઊઠ્યો. સર્જનને અકળામણ થઇ. એણે કંટાળીને બાળકનાં માતાપિતા સામે જોયું. બાળકને સમજવાવાનું પડતું મૂકીને એણે હવે માબાપ સાથે વાતચીતનો દોર સાધ્યો : 'જુઓ, તમારા બાળકના હૃદયમાં હું કાલે જોવા માગું છું કે રોગથી તેને કેટલું નુકસાન થયું છે. અને હવે પછી આપણે આગળ શું કરવું. અને મારાથી એ રિપેર થઇ શકે તેમ છે કે નહીં. અને ત્યાર બાદ જ...



'પણ તમે જો જો, ભૂલી નહીં જતા. ભગવાન હૃદયમાં જ રહેતા હોય છે. એ તમને ચોક્કસ દેખાશે. મારાં દાદા—દાદી કહેતાં હતાં. ચર્ચમાં ફાધર પણ એક વખત કહેતા હતા કે ભગવાન ત્યાં જ રહેતા હોય છે. તમે જરૂરથી જોજો પછી મને કહેજો...!'

'નુકસાન પામેલી લોહીની નળીઓ અને સડી ગયેલી હૃદયની દીવાલ સિવાય ત્યાં કંઇ જ નહીં હોય તેની હું ખાતરી આપું છું...' ચિડાયેલા સર્જને બાળકની વાતને તોડી પાડતાં બાકીની સૂચનાઓ આપીને વિદાય લીધી.

બીજા દિવસે ઑપરેશન થિયેટરમાં પેલા બાળકનું ઓપરેશન કરવામાં આવ્યું. નાનકડા એ હૃદયમાં કંઇ કરતાં કંઇ જ સાબૂત બચેલું નહોતું. હૃદયની દીવાલો, ધમનીઓ, શિરાઓ, વાલ્વ્સ વગેરે બધું જ રોગથી ઘસાઇને ખવાઇ ગયું હતું. કંઇ પણ થઇ શકે તેમ નહોતું. દુનિયાની કોઇ પણ સારવાર હવે આ બાળકના હૃદયને વધારે વખત ધબકતું રાખી શકવા માટે સમર્થ નહોતી. પેલા સર્જનને ન સમજાય તેવી લાગણી થઇ. ભારે હૃદયે એણે બાળકના હૃદયને ટાંકા લઇ પાછું છાતીમાં બંધ કર્યું.

બાળકને ઇન્ટેન્સિવ કેર યુનિટમાં મોકલીને સર્જન વિચારે ચડી ગયા. નાનકડા બાળકની ભગવાન પરની અનન્ય શ્રદ્ધા એમને મનનાં ઊંડાણમાં ક્યાંક સ્પર્શી ગઇ હતી. અચાનક એમણે જોયું કે પોતે ભગવાનની સામે ઊભા છે. મંદ મંદ સ્મિત વેરતા ભગવાને કહ્યું, 'મારા દીકરા! તારું સ્વાગત છે. તેં આજે મારા નાનકડા અને ખૂબ જ વહાલા પંખીના હૃદયનું ઑપરેશન

કરી લીધું ને! તારું કામ પૂરું થયું અને એનું કામ પણ પૂરું થયું. હવે હું એને મારી પાસે બોલાવી લઈશ!'

'પણ ભગવાન! આજ સુધી હું તો એવું જ માનતો હતો કે તમે છો જ નહીં. અને જો તમે હો અને એવું કહેતા હો કે એ બાળક તમારું નાનકડું અને ખૂબ જ વહાલું પંખી છે તો તમે એને આટલું બધું દર્દ કેમ આપ્યું? એને આટલી બધી પીડા સહન કરવા માટે મોકલ્યું જ શું કામ?'

એના એ જ સ્મિત તેમજ ભાવ સાથે ભગવાને કહ્યું, 'દીકરા! મારું એ નાનકડું પંખી મને ખૂબ વહાલું છે જ. એને આવું દરદ આપીને એટલા માટે મોકલ્યું હતું કે એ તારી જેવા એક ખોવાઈ ગયેલા પંખીને મારી પાસે લાવી શકે. બોલ! આ પહેલાં તેં કદી પણ મારો વિચાર કરેલો ખરો? તને અત્યારે કેટલી બધી શાંતિ લાગે છે? આ શાંતિનો તું અનુભવ કરી શકે તે માટે જ મેં એને તારી પાસે મોકલ્યું હતું. હવે તેનું કામ પૂરું થઈ ગયું છે. હવે હું એને મારી પાસે બોલાવી લઈશ. હવે કાલથી એને કોઈ જ પીડા નહીં રહે, કારણ કે મારી પાસે આવે તેના માટે શાશ્વત શાંતિ જ હોય છે. અહીંયાં કોઈ પણ પીડા કે દર્દ નથી હોતાં...'

'સર! ઓ સર! ઈન્ટેન્સિવ કેરમાં શિફ્ટ કરાયેલું પેલું નાનકડું બાળક હવે ભાનમાં આવી ગયું છે.' નર્સના અવાજથી તંદ્રામાં સરી પડેલા ડૉક્ટર સફાળા જાગી ગયા. એમને થયેલા અનુભવની કે હમણાં જ જોયેલા સ્વપ્નની અસર હજુ એમના પર હતી. અચાનક જ એમને ડૂમો ભરાઈ આવ્યો. થોડીક ક્ષણો



માટે એમણે પોતાના અહંકારને તેમજ પોતાની જાતને પણ ઓગળી જતી અનુભવી.

ઈન્ટેન્સિવ કેરના ખાટલા પર વિવિધ જાતની કંઈકેટલીયે નળીઓ વચ્ચે પડેલા બાળકે આંખો ખોલી. સર્જને એનો હાથ પોતાના હાથમાં લીધો. બાળકને કંઈક કહેવું હોય તેવું લાગ્યું. સર્જને બાળકના મોઢા પરથી ઑક્સિજન માસ્ક દૂર કર્યો. પછી હળવેથી એના મોથા પર હાથ ફેરવ્યો.

દર્દથી પીડાતો બાળક ધીમેથી બોલ્યો...'સર! તમે મારા હૃદયનું ઑપરેશન કરી લીધું?'

'હા બેટા!' સર્જને કહ્યું.

'તમે મારા હૃદયને આખું ખોલેલું?'

'હા દીકરા!'

'તમને ત્યાં શું દેખાયું? મારા હૃદયમાં તમને કંઈ મળ્યું?'

'બેટા!' સર્જનનો અવાજ ભારે થઈ ગયો. 'મને ત્યાં ભગવાન બેઠેલા દેખાયા. મારા દીકરા! તારા હૃદયમાં મને ભગવાન મળ્યા!'

'જો! હું નહોતો કહેતો?! તમને મારા હૃદયમાં ભગવાન જરૂર મળશે. મને ખબર જ હતી કે એ ત્યાં જ રહેતા હોય છે.' ખૂબ જ આનંદ સાથે એ બાળક બોલી ઊઠ્યો. પછી સર્જનની સામે એક મીઠી અને સંતોષથી ભરેલી નજર નાખીને હંમેશ માટે પણ એણે આંખો મીંચી દીધી.

## પ.પૂ.રણછોડદાસજી મહારાજના

# પ્રેરક પ્રસંગો

—સંકલનઃ પરમાર્થી, મૂળ લેખિકાઃ દમયંતીબેન સેજપાલ

### મમ દર્શનફલ પરમઅનુપા

સુખ દેના એક મહાન યજ્ઞ હૈ. ભાગ્યવાન હો વહી ઉસ યજ્ઞ કર સકતા હૈ. ઐસા ન કર સકો તો કિસીકે દુઃખ કા નિમિત્ત ન બનો. પુન્ય ન કર સકો તો ન સહી, પર પાપ ન કરો.

નેત્રયજ્ઞ મેં ઉન્હોંને બરાબર સેવાકી. માણેકકાકા કે સાથ અબ મેરા નેત્રયજ્ઞ ભી સમાપ્ત જૈસા હો જાતા હૈ, સંસ્થાને યદિ ઈસકા ભાર ઉઠા લિયા તો ફિર નેત્રયજ્ઞ ચલતા રહેગા ઔર હમેં માણેકકાકાકી યાદ દિલાતા રહેગા.

દૂસરોં કો સુખ દેનેસે આત્મસંતોષ મિલતા હૈ. સંચિત કર્મો કે પરિણામ કો 'જન્મ' કહતે હૈ. જન્મ મરણ કર્માનુસાર હોતે હૈ. કર્મો કા સંચય જન્મ ઔર કર્મો કી સમાપ્તિ કા નામ મૃત્યુ. ઈસ પ્રકાર જન્મ મૃત્યુ કા ચક્કર તો ચલતા હી રહતા હૈ. ઈસમેં ક્યા હર્ષ શોક? જીવન વ્યર્થ ન જાય સો દેખના. પ્રભુ ભજન કરના. અમૂલ્ય સમય કો વ્યર્થ નષ્ટ ન હોને દો જો દિન નિકલ ગયા વહ વાપસ નહીં આયેગા. कालो न याता वयमेव याताः ।

માણેકકાકા જૈસી મૃત્યુ ભાગ્યવાન કો હી મિલ સકતી હૈ. તીર્થસ્થાન, ગંગાજીકા ઘાટ ઔર ગુરુકા સાન્નિધ્ય. મૈં ખુદ તીન બાર ઈસ તીર્થસ્થાન મેં મરને કી ઈચ્છા લેકર આયા. પહલીવાર કેન્સર લેકર આયા થા. ઉસ વક્ત બંબઈમેં ડૉક્ટરને તો કહ દિયા થા કિ અબ નહીં બચ શકતે, પર મૈં નહીં મરા. દૂસરી



બાર અત્યંત દુઃખી હોકર મરને કી ઈચ્છા સે આયા થા. અબ તીસરી બાર ભી ઉસી ઈચ્છા કો લેકર આયા હૂં. અંત મેં આપ સબકો મેં આજ્ઞા કરતા હૂં કિ યહાં પર જિતની ભી બહનેં હૈ. વે કલ દો દો પૂરનપોળી બનાયેં. એક ખુદકે લિયે ઔર એક દૂસરેકે લિયેઃ ક્યોં કિ જબ હમ જન્મ કા ઉત્સવ મનાતે હૈ તો ફિર મરણકા ભી ઐસે ક્યોં ન મનાવે?

o o o

ચિત્રકૂટ છોડતા પહેલાં પૂજ્યશ્રીએ કહ્યું : 'જબ મનુષ્યકો યહ વિશ્વાસ હો જાતા હૈ કિ મેરા કોઈ રક્ષક હૈ તબ વહ નિર્દ્વન્દ હો જાતા હૈ. સચ્ચી જિજ્ઞાસાએ ઈશ્વરરાધના મેં લગ જાઓ. ઈશ્વર સાધન કરકે અનુભવ કરને કી વસ્તુ હૈ, બાતે કરને કી નહીં?'

'સંસારમેં રહકર જજ કી તરહ કામ કરો. જજ અદાલત મેં કુર્સી પર બૈઠતે હૈં તબ દત્તચિત્ત હોકર પૂરા કેસ સુનતા હૈ. ઔર ઉસીમેં મન લગા દેતા હૈ. લેકિન કોર્ટ કા સમય પૂરા હોતે હિ સારી ઉપાધિ વહીં છોડકર ઘર જાતા હૈ. તબ અપને ઘરેલૂ કામમેં ડૂબ જાતા હૈ ઐસા વહ ન કરે તો ઉસકે મત્થે પર બહુત બોજા હો જાય.'

'ઈસી પ્રકાર ધ્યાન કરતે સમય બહિરંગ સંકલ્પોંકો બંદ કરકે અંતરંગ જગતમેં પ્રવેશ કરો તો આપકો સૂક્ષ્મ જગત મિલેગા.'

'જિન ખોજા તિન પાઈયાં ગહરે પાની પૈઠ,
મૈં બપુરા બૂડન ડરા, રહા કિનારે બૈઠ.'

'કિનારે પર બૈઠ કર ગહરાઈ કી બાતેં કરને સે કુછ નહીં મિલેગા.'

# Dialogue with the Lord-During Meditation(2)

–Jayadayal Goyandka

Sadhaka–Both these are done by me to a certain extent, and I recognize their efficacy, but it is my unfortune that I cannot continue them for all times.

Lord–Where lies your misfortune in this? It is due to the deficiency of effort on your part.

Sadhaka–O Lord, are the Bhajana and Satsanga subject to effort? I have heard that Satsanga is possible only when there is an accumulation of one's past merits.

Lord–When a Sadhaka makes effort for the practice of Bhajana, subordinating himself either to Me or to a saint, it will certainly bring him suceess. Evil association, worldly attachments and stored up latencies of past Karma no doubt hinder his progress, but these obstacles are removed through the intense practice of Bhajana. Then his progress will bencome steady and faith and love will increase. Obstacles cannot come close to him. Prarabdha brings him only enjoyments according to his past Karma. It cannot



frustrate new virtuous deeds. Obstacles appear because of the weakness of the Sadhaka. Apart from past merits, Satsanga may be obtained through My grace even by the efforts of a Sadhaka, when it is made with reverence and devotion.

Sadhaka–O Lord, there are men who try to obtain Satsanga but when they fail to obtain it, they begin to denounce their fate. Is this proper for them?

Lord–Well, there is a danger of self–deception in this. It may bring slackness in spiritual effort. If after the best of efforts one fails to obtain Satsanga then it can be so conceded, but even then instead of blaming the Prarabdha, the proper course should be to blame the deficiencies in reverence and devotion, for through reverence and devotion new Prarbdha may be created that may bring the most auspicious gift of Satsanga.

Sadhaka–O Lord, why do You extol the glory of Satsanga so highly?

Lord–Without Satsanga practices like Bhajana, meditation and selfless service are not possible, and exclusive love for Me cannott be developed. Without it realization of Me is difficult. That is why I extol Satsanga so highly.

Sadhaka–O Lord, then tell me what should be done to obtain Satsanga?

Lord–I have already told you that when one make an effort with faith and devotion to obtain Satsanga, he may obtain it through My grace.

Sadhaka–Now, I shall make further and more determined effort to obtain Satsanga. From You also I seek help that I may have constant Bhajana and meditation with a heart full of love, and without any selfish motive.

Lord–What you seek is quite right so far as your understanding goes, but your mind does relish it so well as it does enjoyment of worldly objects.

Sadhaka–Yes, Lord, I do wish it from the intellect, but the mind is a veritable rascal. That is why when it does not relish Bhajana and meditation, I am helpless before it. It is one more reason why You should specially help me.

Lord–If the mind does not relish Bhajana and meditation, even then you should continue to try to fix it in those practices. Gradually it will get the relish, and then proper Bhajana and meditation will be possible.

Sadhaka–I have been trying according to my capacity and power, but the result has not yet



been quite satisfactory. That is why I feel somewhat disheartened. I have faith that I may succeed through Your grace. That is why You should bestow Your special grace.

Lord–No, You should not lose heart. Everything is possible if the burden is shifted on Me, that is all right, but out of deference to My instructions you should also put forth your best effort. Never delude yourself into the belief that you have done all that is humanly possible; there is yet a good deal of deficiency in your effort. You have not yet devoted all your strength to it. Therefore, you should strive quite earnestly.

Sadhaka–Taking shelter under You, I shall no doubt strive again, but O Lord, success depends only on Your grace.

Lord–It is a matter of your love that you have faith in me. But take care that it may not lead you to the error of slackness in your effort. I say that you should put more strength into your exertion. When that is My instruction, there is no reason why your exertion should lose its strength. It is only your mind which is playing this deception on you. Never allow the mind to entertain any thought of despair; nourish it always with hope.

Sadhaka–When I fail to obtain peace and joy, I get discouraged.

Lord–When you depend on me, why do you turn your thought to the success of an effort? That is also a form of desire.

Sadhaka–No doubt it is a desire, but its purpose is to advance Bhajana and meditation.

Lord–When you have taken refuge in Me, why do you worry for peace and joy so that your Bhajana and meditation may advance? You should devote your attention to carry out My instruction, and not to the fruit of your effort.

Sadhaka–Failure in the effort will bring loss of hope, and loss of hope will interfere with Bhajana and meditation.

Lord–That is all right, nevertheless there should be no loss of hope because of a certain amount of failure in effort. With faith in Me, and out of deference to My instruction, one should gradually go on increasing his Zeal.

Sadhaka–This is quite proper and reasonable, and yet, O Lord, when there is no peace and joy, loss of hope is forced on me.

Lord–If shch is the case, you do not seem to follow My instruction with care and attention. You are a subject to deception by the mind.

Sadhaka–O Lord, is this not caused by the stored up impressions of my past sins? Are they not damping my ardour?



Lord–When one surrenders oneself to Me, his sins are all destroyed.

Sadhaka–Yes, Lord, I know this; but where is that complete surrender in my case? I have been making only a lip profession of surrender to You.

Lord–I do not abandon even one who makes a lip profession of surrender to Me. But you should try your best to surrender yourself in consonace with the sentiment of your heart.

Sadhaka–I try my best, but the vagaries of the mind make me quite helpless.

Lord–It is an error on your part to regard that you are trying your best. As a matter of fact you try very little, but regard it as a large effort.

Sadhaka–I shall make special attempt to remedy this defect. But owing to fondness for the body, attachment to objects of worldly enjoyment and ficklenss of the mind, it appears to me very hard to succeed in the attmpt to complete surrender without the help of Your grace.

Lord–You regard it hard, therefore it appears hard. Really it is not so.

**(To be continued)**

# અચિન્ત્યનું ધ્યાન

—સ્વામી રામસુખદાસ

**તં વિદ્યાદ્ દુઃખસંયોગવિયોગં યોગસંજ્ઞિતમ્ ।**
**સ નિશ્ચયયેન યોક્તવ્યો યોગોઅનિર્વિણ્ણચેતસા ॥**

(ગીતા ૬।૨૩)

દુઃખરૂપ સંસારના સંયોગથી રહિત જે યોગ છે એને જાણવો જોઈએ અને કંટાળ્યા વગર પૂર્ણ ચિત્તથી નિશ્ચયપૂર્વક એને કરવો જોઈએ. પછી પ્રશ્ન એ ઊઠે છે કે એ યોગનું અનુષ્ઠાન કેવી રીતે કરવું? તો એને માટે ઉપાય બતાવ્યો છે—

**સંકલ્પપ્રભવાન્ કામાંસ્ત્યક્ત્વા સર્વાનશેષતઃ ।**

(ગીતા ૬।૨૪)

સંકલ્પથી ઉત્પન્ન થનારી સઘળી કામનાઓને અશેષતઃ પૂર્ણતયા છોડી દો અને—

**મનસૈવેન્દ્રિયગ્રામં વિનિયમ્ય સમન્તતઃ ॥**

(ગીતા ૬।૨૪)

ઈન્દ્રિય—સમુદાયને મનથી સંયમિત કરવો જોઈએ. એટલે કે કેવળ બહારથી જ ઈન્દ્રિયોનો સંયમ ન હોય, પરંતુ મનથી પણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વગેરે વિષયોનું ચિંતન ન થાય. એવી રીતે એકાન્તમાં બેસીને—

**'શનૈઃ શનૈરૂપરમેત્બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।'**

(ગીતા ૬।૨૫)

ધૈર્યપૂર્વક બુદ્ધિ દ્વારા ધીરે ધીરે સંસારથી ઉપરામ થઈ જવું.



ધીરે ધીરેનો અર્થ છે કે ઉતાવળ ન કરો. ઉપરતિ ન થાય તો અકળાઈ ન જશો. ધીરજ રાખશો. અને બુદ્ધિનું એક જ ધ્યેય હોવું જોઈએ કે આપણે તો પરમાત્મપ્રાપ્તિ કરવી છે અને બીજું કશું જોઈતું નથી. આવી મનોવૃત્તિ રાખીને જ—

**આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિન્ચિદપિ ચિન્તયેત્ ॥**

(ગીતા ૬।૨૫)

મનને પરમાત્મામાં સ્થિત કરીને પરમાત્મા સિવાય અન્ય સર્વેનું ચિન્તન છોડો.

એ પરમાત્મા સર્વત્ર પરિપૂર્ણ છે. એવા તો પરિપૂર્ણ છે કે—

**જાસુ સત્યતા તે જડ માયા ।**
**ભાસ સત્ય ઈવ મોહ સહાયા ॥**

આ પરમાત્મા સત્સ્વરૂપની વ્યાપકતા હોવાને કારણે આ અસત્ જડ સંસાર સાચો દેખાયા કરે છે. જેવી રીતે સ્ફટિક પથ્થરને લાલ રંગનાં કપડાં પર રાખવાથી લાલ અને કાળા રંગનાં કપડાં પર રાખવાથી કાળો દેખાશે. જો કે સ્ફટિકમાં સ્વયંમાં એ રંગ હોતો જ નથી. એવી જ રીતે આ અનિત્ય, ક્ષણભંગુર સંસાર સત્ય (પરમાત્મા)ની સત્યતાથી જ દેખાય છે. સંસાર વાસ્તવમાં છે નહીં. પ્રતિક્ષણ સરી રહ્યો છે. બદલાઈ રહ્યો છે, નષ્ટ થઈ રહ્યો છે. પરંતુ પરમાત્મતત્ત્વ સર્વ સમયમાં, સર્વ સ્થળે પરિપૂર્ણ છે. અને આ પરમાત્મતત્વમાં એટલી તાકાત છે કે આ 'નથી' ને પણ 'છે' કરીને દેખાડે છે. ઉદાહરણ માટે, બૂંદીના લાડુને આપણે ગળ્યા કહીએ છીએ પરંતુ બૂંદી ખુદ ગળી નથી. બૂંદી તો ચણાના લોટની અને બિલકુલ ફિક્કી હોય છે. પરંતુ ખાંડની ચાસણીનો કારણે મીઠી લાગે છે. તો એમાં ગળપણ

ચણાના લોટનું નથી, ખાંડનું છે. પરમાત્મા બહાર, અંદર, ઉપર, નીચે દશે દિશાઓમાં પરિપૂર્ણ છે. જેમ કે સમુદ્રની અંદર ડૂબકી મારનારને ડૂબકી લગાવતી વખતે ઉપર નીચે બધી બાજુએ પાણી જ પાણી પરિપૂર્ણ રહે છે. એવી જ રીતે આપણી સર્વે બાજુએ દશે દિશામાં પરમાત્મા પરિપૂર્ણ છે. તેથી મનને પરમાત્મામાં સ્થિર કરીને પરમાત્મા સિવાય કોઇનું પણ ચિંતન ન કરો. હવે પ્રશ્ન એ છે કે ચિંતન કરીએ તો નહીં, પણ જો ચિંતન થઇ જાય તો શું કરવું? તો એનો ઉત્તર એ છે કે જેવી રીતે સમુદ્રમાં લહેરો ઊઠે છે અને સ્વયં જ લીન થઇ જાય છે, એવી જ રીતે ચિંતન અથવા સંકલ્પ ઊઠીને સ્વયં લીન થઇ જશે. એની સાથે તાદાત્મ્ય ન સાધો. એનું ન તો અનુમોદન કરો, ન તો વિરોધ કરો. **'ન કિં ચિદપિ ચિન્તયેત્'** કિંચિત્‌માત્ર પણ ચિંતન ન કરો. સંસારની કોઇ વાત યાદ આવી ગઇ હોય તો એને ન તો સારી માનો, ન તો ખરાબ માનો અને એવું પણ ન માનો કે મારામાં સંકલ્પ આવી ગયો છે. સંકલ્પનું અનુમોદન કરી દેશો તો પણ સંબંધ જોડાઇ જશે અને એની સાથે દ્વેષ કરશો કે મારામાં સંકલ્પ આવી ગયો તો પણ સંબંધ બંધાઇ જશે. તેથી રાગ—દ્વેષને લઇને સંબંધ ન જોડશો. એકદમ તટસ્થ રહો અને ઉદાસીન રહો અને જે પરમાત્મા સર્વત્ર, પરિપૂર્ણ છે, કેવળ તેને જ જુઓ, એનું જ ચિંતન કરો. આ છે અચિંત્યનું ધ્યાન.

**રામ રામ રામ રામ રામ**

**સુખ 'લેવા'થી અન્તઃકરણ અશુદ્ધ થાય છે અને સુખ 'આપવા'થી અન્તઃકરણ શુદ્ધ થાય છે. સંગ્રહ કરતાં ત્યાગનું મૂલ્ય વધારે છે.**



# સ્વર્ગારોહણનાં સત્કર્મો

**—રાજુ જાની**

આ વર્ષે પૂ.મા ભારત આવ્યા પછી, પૂ.માના જન્મદિન ૧૩ નવેમ્બરે સત્કર્મની શરૂઆત થઇ. તેના આર્થિક સહયોગીમાં હતાં સાયકલ યાત્રી બેનો, સખી મંડળ તેમજ પદયાત્રી ભાઇઓ, તેના લાભાર્થી બન્યાં ૨૩૦ બાળકો.

આ સત્કર્મ તેમજ ડીસે.ની ૨૩ તારીખથી ૩૧, ડીસે. સુધીમાં જે સત્કર્મો થયાં તેમાં કુલ ૨૪૦૦ જેટલાં વિદ્યાર્થી બાળકોને તેનો લાભ મળ્યો. બાળકોને આપવામાં આવેલ વસ્તુઓમા ગરમ સ્વેટર, ટોપી, (દીકરીઓને સ્કાર્ફ) દફતર, કંપાસ, ટૂથ પેસ્ટ ને બ્રશ, નાવાનો સાબુ તથા હેર ઓઇલ, સ્ટીલની ડીશ ને ગ્લાસ, ઉપરાંત નાસ્તામાં બુંદી, ચવાણુ બીસ્કીટ, ચીકી, ખજુર—વગેરેનો સમાવેશ થતો હતો, જે જોઇને જ બાળકો ખુશ ખુશાલ થઇ ગયાં.

સત્કર્મો માટે આર્થિક સહયોગ આપવા માટે ભારત અને વિદેશનાં કુલ ૧૭ ભાઇબેનોએ નામ નોંધાવેલ, તેમાથી જેઓ પહેલીવાર સ્વર્ગારોહણ આવેલ તેમને આ સત્કર્મો માટે પસંદ કરવામાં આવ્યાં. તો બાકીનાઓએ પોતાની લક્ષ્મી સ્વર્ગારોહણનાં વિકાસ કામોમાં વાપરવાના પૂ.માના સૂચનને સ્વીકારી લીધું.

તા.૨૩મીના સત્કર્મનો લાભ પનામાથી આવેલ રેખાબેનને મળ્યો. તેમની દીકરીનું લગ્ન જાન્યુઆરીમાં છે, તે પહેલાં તેઓએ કુકડી ગામના ૨૮૮ બાળકોને આગળ દર્શાવેલ ચીજો ભેટ ધરી, તો તા.૨૪નું સત્કર્મ ન્યુજર્સી કેન્દ્રના ભક્ત જનોએ

શ્રી ધીરજબેન અને નરેન્દ્રભાઈની ભાવના પૂરી કરવા કર્યું તેઓ બન્નેનો સ્વર્ગવાસ થયો છે. પરંતુ પૂ.મા પાસે આવા સત્કર્મ માટે ભાવના દર્શાવેલી. તે ન્યુજર્સી ધ્યાનકેન્દ્રના સાધકોએ પોતાના આર્થિક સહયોગથી પૂરી કરી. એક સરસ શ્રદ્ધાંજલિની ભેટ પૂ.માની પ્રેરણાથી નાણાવટી દંપતીને ધરી. આ આર્થિક સહયોગ ધરનાર છે શ્રી જીજ્ઞાબેન, શ્રી પ્રતીકભાઈ શ્રી વિનોદભાઈ શ્રી સરોજબેન વગેરે.

તો પૂ.માએ એ પરિવારની નાની ઈચ્છાને પણ કેવી સરસ રીતે પૂરી કરી.

ખાસ કરી અમેરિકામાં ૧૬ વર્ષની ઉમ્મર પૂરી થતાં છોકરા છોકરીઓ મિત્રોનો મોટો જલસો કરી ઘણા પૈસા ખર્ચે છે. પનામાના શ્રી ગુલાબબેને પનામામાં બાળકોને એ સમજાવ્યું કે આવા પૈસા, અહીં બચાવી ભારતમાં ઘણાં બધાં ગરીબ બાળકોને સહાય પહોંચાડી શકાય. આ વાત નાની અક્ષિતાને સ્પર્શી ગયેલી. એટલે આ વર્ષે તે સ્વર્ગારોહણ આવી ત્યારે તા.૩૦/૧૨ ના રોજ તેના તથા શ્રી શાન્તાબેન અને ઈન્દિરાબેનના સત્કર્મોમાં જયવીરા અને બેકીની પ્રાથમિક શાળાઓનાં અનુક્રમે ૧૯૯ અને ૨૦૦ બાળકો સહાય પામ્યાં. શ્રી ગુલાબબેને એક વર્ષ સુધી સ્વર્ગારોહણમાં રહી સાધના કરી ને વિદાય પણ લીધી. પરંતુ તેમના વાવેલા બીજને કારણે અક્ષિતાને પ્રેરણા મળી. ને તેણે સ્વર્ગારોહણ આવી સત્કર્મ કર્યું.

એવું જ કઈ શ્રી રાજુભાઈ ભાવસાર અને શ્રી ઉપાસિકા કરી રહ્યાં છે. ન્યુજર્સીના બાલવાડીના બાળકોને સ્વર્ગારોહણમાં સને.૨૦૧૪માં થતાં સત્કર્મોની વિડીઓ દેખાડી. તે જોઈ તેમાંથી પ્રેરણા પામી ૧૦ વર્ષની ખુશી પોતાની માતા રંજનબેન સાથે ભારત આવી છે ને તેના તા.૨૭મીના સત્કર્મમાં લાભાર્થી



બન્યાં કોશિયા ગામનાં ૧૯૬ બાળકો.

શ્રી પિનાકીનભાઈ ખેરનાં બન્ને બાળકો શ્રી ઈશાન અને વિરેન પણ પહેલીવાર સ્વર્ગારોહણ આવ્યાં છે તેઓ પણ ન્યુજર્સીના બાલવાડીનાં સભ્યો છે. તેમના તા.૨૯ના સત્કર્મનો લાભ પામ્યાં કોટેશ્વર અને મામા પીપળી શાળાઓના ૨૧૬ અને ૭૭ બાળકો.

આ ઉપરાંત શ્રી ભૂપેન્દ્રભાઈ શૂરા પરિવાર (નેત્રંગ)ના સત્કર્મમાં હૂંફાળી અને માલસા શાળાઓનાં અનુક્રમે ૧૧૨ અને ૭૬ બાળકોને લાભ મળ્યો, તો કેનેડાનાં રૂક્ષ્મણિબેન (વતન મરોલી)ની સહાયથી ખેરવાળ શાળાનાં ૩૬૭ બાળકો સત્કર્મની ભેટ પામી શક્યાં, તા.૩૧ ડીસેમ્બરના સત્કર્મનો લાભ આડાવેરડા અને ડેરી ચારડાના અનુક્રમે ૭૧ અને ૧૭૦ બાળકોને મળ્યો, તેનો આર્થિક સહકાર ધરનાર હતાં હ્યુસ્ટનનાં શ્રી મધુબેન અને સૂર્યકાન્તભાઈ (વતન નનસાડ). તેઓ કેટલાંય વરસોથી સત્કર્મો માટે વિનંતી કરી રહ્યાં હતાં. આ વર્ષે ભારત આવી શક્યાં, તો તેઓની લક્ષ્મીનો પ્રસાદ બાળકો પામ્યાં. શ્રી મધુબેન દરરોજ એક ડોલર સત્કર્મ માટે અલગ મૂકતાં. એમ કરતાં ભેગી થયેલ લક્ષ્મી આ સત્કર્મનું નિમિત્ત બની.

શ્રી તરલાબેન દેસાઈ સાથે શ્રી નટવરલાલ દેસાઈ પરિવાર પહેલી વાર પૂ.માના દર્શને આવેલ. પૂ.માની આ સત્કર્મોની પ્રવૃત્તિ જોઈ, તેઓએ પણ બે સત્કર્મોમાં આર્થિક સહયોગ ધર્યો. તો તે જ રીતે શ્રી જયશ્રીબેન વોરા, શ્રી પ્રભાબેન પટેલ અને શ્રી પરબતભાઈ પણ સત્કર્મોમાં જોડાયાં.

અરે, પેલી નાની અંશી(શ્રી તરલાબેનની પુત્રીની પુત્રી)એ સત્કર્મો દરમ્યાન બાળકોને અપાતી વસ્તુ જોઈ પૂ.માને પૂછ્યું, મા, આ બાળકોને તમે વોટરબેગ કેમ નથી આપતાં? પૂ.માએ

અંશીના એ સૂચનને સ્વીકારી લીધું ને પછીનાં બે સત્કર્મોમાં અંશીએ ૫૦૦ બાળકોને વોટરબેગનો પ્રસાદ ધર્યો.

હવે વિચારો, આ સત્કર્મોમાં પ્રાપ્ત થયેલ ગરમ સ્વેટર, ટોપી શાળાના બાળકોને આ શિયાળાની કારમી ઠંડીમાં કેવાં હાશ ધરનાર બન્યાં હશે? એમના અંતરની શુભ કામના દાતાઓને ખરે જ સુખ, શાન્તિ ને સમૃદ્ધિ ધરનાર બની રહેશે.

ભારતમાં સેવા માટે દાન આપનારાઓની ખોટ નથી, પરંતુ પૂ.મા જેવી માનવતાની દૃષ્ટિ સાથે બહુ ઓછી સંસ્થાઓ આવી પ્રવૃત્તિ કરે છે. અંબાજીમાં પણ ઘણી ધાર્મિક સંસ્થાઓ છે, ને દાતાઓ પણ છે, પરંતુ 'જીવતા દેવોને સેવો,' એ ભાવના લોક હૃદયમાં ઉજાગર થઈ નથી.

સ્વર્ગારોહણની સત્પ્રવૃત્તિ પાછળ ઘણાં બધાં સાધકભાઈઓનો શ્રમ અને સૂઝ રહેલાં છે. તે ભાઈઓ કદી પણ સન્માનની અપેક્ષા રાખતા નથી. પૂ.માના આદેશ પ્રમાણે મૂંગામૂંગા કામ કર્યે જાય છે.

આ સત્કર્મોમાં જે નાસ્તાની વસ્તુઓ જેવી કે બુંદી, ચવાણું, બીસ્કીટ તેમજ ખજૂર અપાયાં, તે માટેનો આર્થિક સહયોગ ઘણાં બધાં ભાઈબેનો પાસેથી મળેલો, પરંતુ ચીકીનો પ્રસાદ બધાં જ ૨૪૦૦ બાળકોને જે પ્રાપ્ત થયો, તેમજ પૂ.મા પાસે આવનાર ભક્તોને પણ જે પ્રાપ્ત થતો રહે છે તેમના દાતા છે કનેરિયા પરિવારના શ્રી શાન્તિભાઈ તથા એમના સુપુત્ર શ્રી વિજયભાઈ. પોતાની લક્ષ્મીનો કેવો સરસ સદુપયોગ. આ ચીકીના પ્રસાદનું નામ પૂ.માએ 'હાશ' આપ્યું છે, કારણ કે ખાનરનું મન સરસ હાશ અનુભવે છે. વળી તે આરોગ્યપ્રદ પણ છે. કેવો સરસ સમન્વય પૂ.માએ ધરી દીધો!



# સ્વીટ્ઝરલેન્ડ યાત્રાની પૂર્ણાહુતિ(૧)

**–મા સર્વેશ્વરી**

અનંતદેહમાં પ્રવાસ કરી કરીને શ્રી હરિ પણ પાછા માનવદેહમાં યાત્રા કરવા લાવે છે એ યાત્રા અનેક રીતે શકવર્તી બની શકે એવા અનેક પ્રયત્નો પણ શ્રી હરિ કરતા રહે છે.

નાયગ્રા જઈને પાછા નોર્થબરગન આવી ગયાં.

આજે પ્રભાતે જ તો અહીં આવ્યાં. પૂરા ૫ કલાકનો વિશ્રામ કરી પાછાં નવી શક્તિ સ્ફૂર્તિ થી સંપન્ન થઈ ગયાં.

શ્રી હરિનો હેતભર્યો હાથ માના પરિશ્રમને ક્ષણમાં હરિ લે છે. શ્રમહર શ્રી હરિની એ જ તો વિશેષતા છે. એના સ્મરણ માત્રથી સંકટ ટળે

પૂ.શ્રી લખે છે–

**મનવા લે ને હરિનું નામ**
**સંકટ તારાં શમશે રે**
**આધિ વ્યાધિ ટળી જશે સૌ,**
**ત્રણે તાપ ટળશે રે.**

ભક્તકવિ દયારામ લખે છે–

**સ્મરણ કરતાં સંકટ ટાળો**
**ગણો ન મોટો નાનો.**

તો વળી પ્રીતમદાસ લખે છે–

**શ્વાસોશ્વાસે સ્મરણ કરતાં**
**પાંચે પાતક જાય જો ને.**

સ્મરણનો—શ્રી હરિના સ્મરણનો મહિમા અનેકના મુખે ગવાયો છે અનુભવે તે કલમ ચાલી છે.

પરન્તુ મા અહીં—આ દેહે—આ જીવનમાં એક એવી અનુભૂતિમાંથી સતત પસાર થઇ રહ્યા છે કે,

જેમાં સ્મરણની પણ જરૂર નથી પડતી. ના સ્મરો તો પણ સાચો સ્વજન બનીને આપણાને સંભારે. સામે ચાલીને સઘળા કાર્યો ઉકેલે. જાણે વિપત્તિમાં ગૂંચમાં, ચિંતામાં, ઉપાધિમાં સ્મરણ કે પ્રાર્થના કે વિનંતિ કરવાનો સમય જ ના આપે.

આપણા પક્ષે આપણે પુરુષાર્થ કરવાનું વિચારીએ તે પહેલા જ તે હાજર થઇ જાય.

જાણે તે જ સંકટ સમયની સાંકળ. સતત આપણી આસપાસ જ ઉભો રહે એટલે સંકટ આવે ને ફૂલની જેમ ઝીલવાની શક્તિ આપે ને રમતમાં ક્ષણમાં તે સંકટ પોતાના બિસ્તરા પોટલા બાંધીને રવાના થઇ જાય.

બધુ સ્પષ્ટ થઇ જાય ત્યારે શાંતિથી વિચારવા બેસીએ ત્યારે સમજાય કે અરે આપણે તો પ્રાર્થના પણ નથી કરી. પોકાર કે આર્તનાદ પણ પાડ્યા નથી, સમય જ ક્યાં હતો, આપણે આપણા પક્ષે કંઇક કરતા પહેલા તો તે કાળુ વાદળુ હઠી જ ગયું.

કોણે હઠાવ્યું? કોને આપણા ઉપર એટલો બધો પ્રેમ છે? કોણ આપણી સેવામાં હાજરાહજૂર ૨૪ કલાક રહે છે?

અમે બોલાવ્યા ને શ્રી હરિ આવ્યા. અમે વિનવ્યાને શ્રી હરિ માની ગયા. અમે રડ્યાને શ્રી હરિએ છાના રાખ્યા.

ના રે ના. આ મા ના જીવનમાં શ્રી હરિ એવો પુરુષાર્થ



કરવાની તક પણ આપતા નથી. શ્રી હરિને ડર હશે કે માને વળી એવો અહંકાર થઇ જાય. કે અમે બોલાવીએ ને શ્રી હરિ આજ્ઞાંકિત બનીને હાજર થઇ જાય છે.

મા ને અહંકાર ના થાય માટે પણ શ્રી હરિ સામે ચાલીને પોતાના બધા જ કાર્યો કરતા મા સતત અનુભવે છે. પ્રાર્થના વગર જ વિનંતિ વગર જ, પુરુષાર્થ વગર જ પ્રભુ જાણે સામે ચાલીને સઘળુ ઉકેલતો રહ્યો છે. માની આ અનુભૂતિ છે.

મા ને પણ એ શ્રી હરિ સાથે પાકી દોસ્તી છે એટલે તો માની કલમે શ્રી હરિએ લખું છે.

હરિને પોતાનો કરી સર્વેશ્વરી તો જીવનમુક્ત બની આજે અહીં તો પોતાનો કરી લીધો, નારે ના શ્રી હરિએ જ પોતે માને પોતાના માની લીધા છે. મા પાસે તો ક્યાં એવી શક્તિ જ છે કે તે શ્રીહરિને પોતાનો કરી લે. શ્રી હરિએ જ કૃપા કરી પોતાની પાંખમાં લીધા છે.

શ્રીહરિ પણ પોતાના હોય તેની હાજરીમાં ખીલી ઉઠે. એટલે માના જીવનમાં જ્યારે જ્યારે કંઇક ઉંધું ચત્તુ થવાની તૈયારી હોય તે પહેલા જ શ્રી હરિ પધારીને ખીલી ઉઠે.

માના જીવનની પ્રત્યેક પળે પધારીને ખીલવાનો શ્રી હરિનો વ્યાપાર મા સારી રીતે જાણી ગયા છે.

હરિનું નામ ને હરિની કથા અનંત છે એ વાત સાચી છે.

આ શ્રી હરિની કલમ સતત એના અનંતગુણો વર્ણવતા વર્ણવતા અટકવાનું કે છટકવાનું નામ જ લેતી નથી.

એ શ્રી હરિને, શ્રી હરિની કલમને, શ્રી હરિની શક્તિને,

શ્રી હરિની લીલાને, શ્રી હરિની યોજનાને, શ્રી હરિની કૃપાને લક્ષકોટી પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

**૧૯/૦૭/૨૦૧૧ નોર્થબરગન**

આજે વળી ક્ષીપ્રા વાત લાવી છે હે મા આપણે નાયગ્રાની જે મોટલમાં બે રૂમમાં ઉતર્યા હતા તે રૂમનું ભાડું પાછુ તે માલિકોએ રીફંડમાં પાછુ દેવાંગભાઇને મોકલ્યું છે.

અને આપણીવેનનો મીરર ને વીલ જે આપણે નંખાવવાનું હોય તે પણ વેનની કંપનીએ સામેથી કહ્યું તેની રકમ અમે તમને આપી દઇશું.

બે વિવિધ કંપની બન્ને સામે ચાલીને રીફંડ ધરે છે.

તો શ્રી હરિની કંપની તો આજે જ નહીં, આ વરસે જ નહીં અનંત યુગોથી આપણે જમા કરાવેલા જપ, તપ, વ્રત કરતાં અનેકઘણુ રીફંડ સામે ચાલીને સતત આપતા રહ્યાં છે.

આપણે શું જમા કરાવ્યું આપણને યાદ નથી, જ્ઞાન નથી, ભાન નથી છતાં આપણને જન્મની સાથે જ બે આંખ, બે કાન એક મુખ રીફંડમાં આરોગ્ય સાથે ધર્યા છે. સર્વે અંગ સુરક્ષિત આપણે જન્મ્યા તો આખો દેહ જ રીફંડમાં શ્રી હરિએ ધર્યો છે એવું ગણાય જ ને.

શ્રી હરિની પેઢીમાં આવા અનેક રીફંડ દરેક ક્ષણે અપાતા રહે છે તે યાદ રાખી તે કંપનીનો આભાર માનતા માનતા પ્રણામ કરી લઇએ.

આવુ અલૌકિક રીફંડ અનંતકાળ થી અખંડ રીતે પ્રસાદમાં જેને જેને મળતું રહે છે. તે તે ડીવાઇન રીફંડ સામે આપણે પણ



ડીવાઇન દિવ્ય કર્મો તે કંપનીને ગમે તેવા, તે કંપની ગૌરવ લઇ શકે તેવા જ કાર્યો કરવા જોઇએ એવું કંઇક આજે આ રીફંડ શબ્દ શીખવી રહ્યો છે.

અરે યુરોપની યાત્રાના આયોજક તો શ્રી હરિ હતા પણ પૃથ્વીપટે જે કામચલાવ આયોજક હતા તે તો મુંબઇના પારસીબાનુ હતા.

નામ તેમનું ફરસાના. ટ્રાવેલ કંપનીનું નામ લીડીંગ એઇજ તેમની વાત પણ જાણવા જેવી નોંધવા જેવી છે.

યાત્રા પૂર્ણ થઇ સરલ આયોજન હતું તો આભાર માટે ફૂલ, મીઠાઇ ને શ્રી લક્ષ્મીનો પ્રસાદ ભાઇ આનંદ તથા જ્યોત્સ્નાબેન દ્વારા મુંબઇમાં તેને પહોંચાડ્યો.

તો તે પારસીબાનુનો પ્રેરકપત્ર આજે મળ્યો છે.

મા પાસેથી રકમ ના લેવાય. અમારી તો ફરજ છે કે યાત્રીઓની સંભાળ રાખવી.

પણ માનું અપમાન મારાથી ના થાય માટે એમાંથી નાનકડી રકમ મારા પુત્રનો પહેલો બેન્ક એકાઉન્ટ ખોલવા માટે વાપરીશ. મારો બાળક હજી એક જ વર્ષનો છે. એ લક્ષ્મીનો નાનકડો પ્રસાદ મારા બાળકને આશીર્વાદ રૂપ બનીને સુખી કરશે.

અને બાકીની જે મોટી રકમ વધે છે તે મુંબઇની છોકરીઓની એક અનાથાશ્રમની સંસ્થા છે તેમાં અને એક વૃદ્ધાશ્રમમાં આપવાનો મારો વિચાર છે જો મા મંજૂરી આપે તો.

(ક્રમશઃ)

# આત્માનુભૂતિ ને તેનાં સોપાન(૧)

—સ્વામી વિવેકાનંદ

## અનુભૂતિનાં સોપાન

(અમેરિકામાં આપવામાં આવેલું વર્ગવ્યાખ્યાન)

જ્ઞાન મેળવવાની આકાંક્ષા રાખનારા માટેનાં સાધનોમાં પ્રથમ શમ અને દમ આવે. આ બંનેને સાથે લઈ શકાય. શમ અને દમનો અર્થ છે : ઇન્દ્રિયોને બહાર ભટકવા દીધા સિવાય તેમને તેમના કેન્દ્રમાં જ રાખવી. આ 'ઇન્દ્રિય' શબ્દનો અર્થ શું છે એ હું તમને પહેલાં સમજાવીશ. આંખોનો દાખલો લઈએ. આંખો એ દૃષ્ટિની ઇન્દ્રિયો નથી પણ માત્ર સાધનો જ છે. પણ ઇન્દ્રિયો હાજર ન હોય તો મારે આંખો હોવા છતાં હું જોઈ શકું નહીં. પરંતુ ઇન્દ્રિયો અને સાધનો બંને ભલે હોય, પણ જો મન એ બંનેની સાથે સંયુક્ત ન હોય, તોપણ કંઈ દેખાતું નથી. એટલે સંવેદનની દરેક ક્રિયામાં ત્રણ વસ્તુઓ જરૂરી છે : એક તો બાહ્ય સાધનો, બીજું આંતરિક ઇન્દ્રિયો અને ત્રીજું મન. જો એમાંથી એક પણ ગેરહાજર હોય તો વસ્તુનો અનુભવ થતો નથી. આ રીતે મન બે સાધનો દ્વારા કાર્ય કરે છે : એક બાહ્ય અને બીજું આંતર. હું જ્યારે વસ્તુઓને જોઉં છું, ત્યારે મારું મન બહાર જાય છે, બહિર્મુખ બને છે; પણ ધારો કે હું મારી આંખો બંધ કરું અને વિચારવા માંડું, તો મન બહાર જતું નથી, એ આંતરિક રીતે ક્રિયાશીલ હોય છે. પણ બંને કિસ્સામાં, ઇન્દ્રિયોની ક્રિયાશીલતા તો હોય જ છે. જ્યારે હું તમારા તરફ જોઉં અને તમારી સાથે બોલુ, ત્યારે ઇન્દ્રિયો અને સાધનો બન્ને ક્રિયાશીલ હોય છે. જ્યારે હું મારી આંખો બંધ કરું અને વિચાર કરવા



માંડું, ત્યારે ઇન્દ્રિયો ક્રિયાશીલ હોય છે, પણ સાધનો નહીં. આ ઇન્દ્રિયોની ક્રિયાશીલતા વિના વિચાર હોઈ જ ન શકે. તમને જણાશે કે તમારામાંથી કોઈ પણ કંઈક પણ પ્રતીક સિવાય વિચાર કરી નહીં શકો. અંધ માનવીના કિસ્સામાં તેણે પણ અમુક આકૃતિનો ખ્યાલ રાખીને વિચારવું પડે છે. દૃષ્ટિ અને શ્રવણની ઇન્દ્રિયો સામાન્ય રીતે અતિ ચપળ હોય છે. તમારે ખ્યાલમાં રાખવું કે 'ઇન્દ્રિય' શબ્દથી મગજમાં રહેલું 'જ્ઞાનતંતુનું કેન્દ્ર' એવો અર્થ થાય છે. બહારની આંખો અને કાન તો માત્ર જોવાનાં અને સાંભળવાનાં સાધનો જ છે; ઇન્દ્રિયો તો અંદર છે. જો કોઈ રીતે આ ઇન્દ્રિયો નાશ પામે તો આંખો અને કાન હોવા છતાં, આપણે જોઈ અગર સાંભળી શકીશું નહીં. તેથી મનને નિયમનમાં રાખવા માટે આપણે આ ઇન્દ્રિયોને પ્રથમ નિયમનમાં રાખવી પડશે. મનને બહાર કે અંદર ભટકતું અટકાવવું અને ઇન્દ્રિયોને તેમના પોતપોતાના કેન્દ્રમાં રાખવી એવો અર્થ શમ અને દમ એ બે શબ્દો દ્વારા અભિપ્રેત થાય છે. મનને બહિર્મુખ થવા ન દેવું એનું નામ શમ, અને બાહ્ય સાધનોને કાબૂમાં રાખવાં તેનું નામ દમ.

હવે આવે છે ઉપરતિ. ઉપરતિ એટલે ઇન્દ્રિયોના વિષયોનો વિચાર ન કરવો તે. આપણો ઘણોખરો સમય ઇન્દ્રિગ્રાહ્ય વસ્તુઓના વિચારમાં, એટલે કે જે વસ્તુઓ આપણે જોઈ છે કે સાંભળી છે, જે આપણે જોઈશું કે સાંભળીશું, જે વસ્તુઓ આપણે ખાધી છે, કે ખાઈએ છીએ, કે ખાઈશું, જે સ્થળે આપણે રહ્યા છીએ કે રહીશું, વગેરે બાબતોના વિચારમાં જાય છે. ઘણોખરો સમય આપણે તેમના વિશે વિચાર કે વાત કરીએ છીએ. જેને વેદાન્તી થવાની ઇચ્છા હોય તેણે આ ટેવ છોડી દેવી જોઈએ.

ત્યાર પછી કરવાનું જે સાધન આવે છે (જ્ઞાન થવાનું ઘણું મુશ્કેલ છે!) તે છે તિતિક્ષા. એ સાધના સહુથી મુશ્કેલ છે. એ આદર્શ સહિષ્ણુતાની—'અશુભનો પ્રતિરોધ ન કરો'—ની સ્થિતિ છે. આ સમજવા માટે થોડા સ્પષ્ટીકરણની જરૂર છે. આપણે અશુભનો ભલે પ્રતિરોધ ન કરીએ, પણ તે છતાં ઘણા દુઃખી તો થઈએ. એક માણસ મને અનેક કટુ વચનો સંભળાવે; એ માટે બહારથી હું તેને ધિક્કારું નહીં, હું તેનો પ્રત્યુત્તર પણ વાળું નહીં, અને બહારથી ક્રોધિત થતાં હું મારી જાતને રોકું; પણ ક્રોધ અને ધિક્કાર કદાચ મારા મનમાં ભરાઈ રહ્યા હોય, અને મને એ માણસ પ્રત્યે ઘણી જ ખરાબ લાગણી પેદા થાય. આ અપ્રતિરોધ નથી; ધિક્કાર કે ક્રોધની કોઈપણ લાગણી, પ્રતિરોધનો કોઈ પણ વિચાર મારા મનમાં રહેવા ન જોઈએ; જાણે કાંઈ જ બન્યું નથી તેવું સ્વસ્થ મારું મન રહેવું જોઈએ. હું એ સ્થિતિએ જ્યારે પહોંચું ત્યારે જ હું અપ્રતિરોધની સ્થિતિએ પહોંચ્યો કહેવાઉં, ત્યાર પહેલાં નહીં. પ્રતિરોધ કરવાનો કે હાંકી કાઢવાનો વિચાર પણ કર્યા સિવાય, મનમાં કોઈ પણ પ્રકારની દુઃખની લાગણી કે પશ્ચાતાપ સિવાય સર્વ દુઃખો સહેવા; આનું નામ તિતિક્ષા છે. ધારો કે હું પ્રતિરોધ કરતો નથી અને એને પરિણામે કોઈ મહાન અનિષ્ટ ઊતરે છે; જો મારામાં તિતિક્ષા હોય તો પ્રતિરોધ ન કર્યા બદલ મારા મનમાં જરાય પશ્ચાતાપ થવો ન જોઈએ. જ્યારે મન એવી સ્થિતિએ પહોંચ્યું હોય, ત્યારે એ તિતિક્ષામાં પ્રતિષ્ઠિત થયું કહેવાય. આ તિતિક્ષાની સાધના સારુ હિંદના લોકો અદ્‌ભુત ક્રિયાઓ કરે છે. બેપરવા રહીને તેઓ સખત ગરમી અને ઠંડી સહન કરે છે; બરફની પણ તેઓ



પરવા કરતા નથી, કેમ કે શરીર વિશે તેઓ વિચાર જ કરતા નથી. શરીરને તો તેઓ પડ્યું જ રહેવા દે છે, જાણે એ કોઈ પોતાથી અલગ ચીજ ન હોય!

ત્યાર પછીનું જરૂરનું સાધન છે શ્રદ્ધા. આપણને ધર્મમાં અને ઈશ્વરમાં અપાર શ્રદ્ધા હોવી જોઈએ. જ્યાં સુધી એ ન હોય, ત્યાં સુધી જ્ઞાની થવાની કોઈથી આશા રાખી શકાય નહીં. એક સંતે મને એક વખત કહ્યું હતું કે આ જગતમાં બે કરોડે ભાગ્યે જ એકાદ માનવી પરમાત્મામાં શ્રદ્ધા રાખતો હશે. આમ શા માટે બનતું હશે એમ મેં પ્રશ્ન કર્યો ત્યારે એમણે મને ઉત્તર આપ્યો : 'ધારો કે આ ખંડમાં એક ચોર છે; એ ચોરને ખબર પડી જાય છે કે બાજુના ખંડમાં સોનાનો મોટો જથ્થો છે, અને આ બંને ખંડની વચ્ચે એક ઘણી જ પાતળી દીવાલ માત્ર છે. તો એ વેળા ચોરના મનની શી સ્થિતિ હશે?' મેં ઉત્તર આપ્યો : 'એ જરાયે ઊંઘી શકશે નહીં. એનું મગજ પેલું સોનું હાથ કરવાનો કોઈ પણ એક ઉપાય શોધવામાં રોકાયું હશે; એ બીજા કશાનો વિચાર કરશે નહીં.' એટલે એમણે કહ્યું : 'ત્યારે હવે કોઈ માણસ પરમાત્મામાં અનન્ય શ્રદ્ધા રાખવા છતાં તેને પ્રાપ્ત કરવા માટે ગાંડો ન થાય એવું તમારા માન્યામાં આવે છે ખરું? જો તે વ્યક્તિ સાચા અંતરથી માનતી હોય કે સુખની અમાપ અનંત ખાણ પડી છે અને એને પ્રાપ્ત કરી શકાય એમ છે, તો તે મેળવવાની મથામણમાં એ વ્યક્તિ પાગલ ન થઈ જાય?' ઈશ્વરમાં દૃઢ માન્યતા અને એમાંથી પરિણમતી તેને મેળવવાની આતુરતા એનું નામ શ્રદ્ધા.

ત્યાર પછી આવે છે સમાધાન, એટલે કે મનને ઈશ્વરમાં

સ્થિર કરવા માટેનો સતત અભ્યાસ. એક દિવસમાં કશું સાધ્ય થઇ શકતું નથી. ધર્મ એક ગોળીરૂપે ગળી શકાતો નથી. એ સખત અને સતત અભ્યાસ માગે છે. મનને ધીમા અને સતત અભ્યાસ વડે જ જીતી શકાય છે.

ત્યાર પછી આવે છે મુમુક્ષુત્વ, એટલે કે મુક્ત થવાની તીવ્ર ઇચ્છા. તમારામાંના જેમણે એડવિન આર્નોલ્ડનું 'લાઇટ ઓફ એશિયા' પુસ્તક વાંચ્યું હશે તેમને બુદ્ધના પ્રથમ પ્રવચનનું આર્નોલ્ડનું ભાષાન્તર યાદ હશે. આ પ્રવચનમાં બુદ્ધ કહે છે :

'તમારી જાતે જ તમે દુઃખ ભોગવો છો; અન્ય કોઇ તમને તેમ કરવાની ફરજ પાડતું નથી. કોઇ તમને પકડીને કહેતું નથી કે તમે જીવો અને મરી જાઓ, (જીવનમરણના) ચકડોળે ચડો અને દુઃખના એના આરાઓને, આંસુઓના એના પાટા (વાટ)ઓને, શૂન્યની એની નાભિને વળગો અને ચૂમો.'


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭




# કર્મોની આવશ્યકતા

**–જ્યોતિ થાનકી**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો કર્મો બંધનરૂપ છે. કર્મો કરીએ તો તેનાં ફળ ભોગવવા પડે. કર્મો મનુષ્યને બહારના જગતમાં ખેંચી જાય છે, તેને અંતર્મુખ થવા દેતાં નથી. તેથી અંતરમાં રહેલા ભગવાન સાથે જલ્દીથી એકરૂપ થઇ શકાતું નથી. વળી કાર્ય કરતી વખતે મન કામમાં પરોવાયેલું રહે એથી ભગવાનનું સ્મરણ સતત થઇ શકતું નથી. વળી કર્મની સાથે અનેક પ્રકારની બહારની પ્રવૃત્તિઓ સંકળાયેલી હોવાથી વિવિધ પ્રકારના લોકોના સંપર્કમાં આવવું પડતું હોવાથી આંતર એકાગ્રતા તૂટી જાય છે. ચેતના બાહ્ય પરિબળો સાથે જોડાય છે. વધુ પ્રમાણમાં કર્માભિમુખ બનવાથી કર્મો જ તેના અસ્તિત્વનો કબજો લઇ લે છે આથી ઘણાં લોકો કર્મોને પ્રભુને પામવાના માર્ગમાં અવરોધરૂપ ગણીને છોડી દે છે. અને પ્રભુના ચિંતન, મનન ને સાધનભજનમાં જ રત કહે છે તેથી આંતરિક વિકાસ થાય છે. પણ મનુષ્યને પોતાની પ્રકૃતિની મર્યાદાઓ દૂર થઇ છે કે નહીં તે ખબર પડતી નથી. પ્રકૃતિના દિવ્ય રૂપાંતર માટે કર્મો અનિવાર્ય છે.

**કર્મ છે, અનુભવની પાઠશાળા :–**

કર્મો દ્વારા આપણે અનુભવો મેળવીએ છીએ. જીવન તો છે, અનુભૂતિનું ક્ષેત્ર અનુભવો દ્વારા મનુષ્ય સતત પ્રગતિ કરતો રહે છે. શ્રી માતાજી કહે છે કે જો તમે કર્મ ન કરો તો તમને અનુભૂતિ નહીં થાય. તેમજ તમે કેટલી પ્રગતિ કરી તેની પણ

તમને ખબર નહીં પડે. માત્ર તમે, પ્રગતિ કર્યાની ભ્રમણામાં રહેશો. જ્યારે તમે કામ કરો ત્યારે તમે બીજાઓના સંપર્કમાં આવો છે, તમારે વાસ્તવિકતાનો સામનો કરવો પડે છે, તમારામાં કઇ કઇ ઉણપો રહેલી છે, તેની તમને ત્યારે જ ખબર પડે છે. ઉપરાંત તમારામાં કેટલી સ્વસ્થતા છે, સભાનતા છે, નિઃસ્વાર્થતા છે, એ પણ બીજાઓ સાથે કામ કરો ત્યારે જ જાણી શકો છો. કર્મના ક્ષેત્રમાં જ તમારી સાધનાની, સચ્ચાઇની પૂરી કસોટી થાય છે. તમારામાં કામનાઓ પૂર્વગ્રહો, નબળાઇઓ, સારાં—નરસાનાં ખ્યાલો હજુ ય રહેલા છે કે નહીં તેની જાણ કાર્ય કરતી વખતે થાય છે. આમ કર્મનું ક્ષેત્ર તો બહુ મોટી પાઠશાળા છે, જેમાં જીવનમુક્તિના અનેક પાઠો ખૂબ ઝડપથી શીખી શકાય છે. કર્મ સભાનતા આપે છે, જાગૃત રાખે છે અને પ્રકૃતિને કયા નિમ્ન તત્ત્વોમાંથી મુક્ત કરવાની છે, એનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

**કર્મ છે. પ્રકૃતિને વિશુદ્ધ કરતું સાધન :—** જ્યારે આપણે કામ કરીએ છીએ ત્યારે આપણને આપણા સાચા સ્વરૂપનું ભાન થાય છે. શ્રી માતાજી કહે છે : ''કર્મનો મહાન ઉપયોગ તો એ છે કે તે પ્રકૃતિની કસોટી કરે છે. તે સાધકની સામે તેના બાહ્ય સ્વરૂપની ક્ષતિઓને મૂકી દે છે નહીંતર સાધકને પોતાની આ ક્ષતિઓની ક્યારેય જાણ ન થાત'' એક સંનિષ્ઠ શિક્ષક પોતાનું ભણવવાનું કાર્ય ખૂબ જ સારી રીતે કરતો હતો. એને આધ્યાત્મિક જીવનમાં ઊંડો રસ હોવાથી તે નિયમિત જપ, ધ્યાન સદ્વાંચન પણ કરતો હતો. આથી બીજા શિક્ષકોની મંડળીમાં તે ભળતો નહોતો—ફૂરસદના સમયમાં નિરર્થક વાતો કરવાને બદલે તે સારા પુસ્તકો વાંચ્યા કરતો. આથી બીજા



શિક્ષકોને તેની ઈર્ષા થયા કરતી. ઈર્ષાએ તેનો ભાગ ભજવ્યો જ. તેઓએ ભેગા મળીને તેને હેરાન કરવાનું કાવત્રું રચ્યું કે તે શિક્ષક પ્રતિમાસ ઉઘરાવવાન ફીની રકમ કરતાં વધારે રકમ ઉઘરાવે છે આચાર્ય સુધી વાત પહોંચતા, આચાર્યે તેને બોલાવીને ઠપકો આપી કહ્યું : ''તમારા જેવા આદર્શ શિક્ષકની આવી ફરિયાદ કેમ આવે?'' ''મારા ઉપર આવો આક્ષેપ?'' એ શિક્ષક તો ક્રોધથી રાતાપીળા થઇ ગયા અને ગુસ્સામાં ઘણું બધું બોલી ગયા? આચાર્યે તેમને શાંત પાડીને કહ્યું : આટલા ઉગ્ર થવાની જરૂર નથી જો તમે વધારાની રકમ નથી લીધી, તો તમારે વ્યગ્ર થવાનું રહેતું જ નથી. આચાર્યની વાત સાચી હતી. તેમણે મક્કમતાથી માત્ર એટલું જ કહેવું જોઈતું હતું, મેં ફીની રકમ કરતાં એક પૈસો પણ વધારે લીધો નથી. આપ વર્ગના વિદ્યાર્થીઓને પૂછી શકો છો. આટલા ઓછા શબ્દોની વધારે પ્રબળ અસર થાત. પણ એમની અંદર ક્રોધ, સૂક્ષ્મઅભિમાન એ બધું ધ્યાન, સત્સંગના પ્રભાવે દટાઇ ગયું હતું, પણ નિર્મૂળ નહોતું થયું, એટલે પરિસ્થિતિ ઊભી થતાં એ બધું બહાર આવ્યું! શ્રી માતાજીએ એક વાર્તાલાપમાં જણાવ્યું છે કે કર્મો દ્વારા તમને એક તક આપવામાં આવે છે એ એક એક તકનો તમારે લાભ ઉઠાવવાનો છે. કેટલાંક હઠીલા તત્ત્વો આમ તો ક્યારેય પ્રગટ થતાં નથી. પણ જ્યારે તમે કર્મના ક્ષેત્રમાં ઊંડા ઊતરો છો, ત્યારે તે ગમે ત્યાંથી પ્રગટ થઇ જાય છે ને માથું ઊંચકે છે જ્યારે આવાં તત્ત્વો અંદરથી પ્રગટ થાય, ત્યારે તેનું સફાઇકામ કરવાનું હોય છે. આપણી અંદર એવાં કેટલાંય તત્ત્વો હોય છે, જે આપણે જ્યારે કામ કરીએ ત્યારે જ બહાર આવે છે. જો કામ ન કરીએ તો આ બધાં એમ ને એમ અંદર પડી રહે છે, પછી જ્યારે

તક મળે ત્યારે માથું ઊંચકે છે એટલે શ્રીમાતાજી કહે છે, ''આવા તત્ત્વોને ગૂંદવાના હોય છે, વિશુદ્ધ કરવાના હોય છે, મુલાયમ કરવાના હોય છે, બિનઅંગત કરવાના હોય છે.''

આમ કર્મો એ દર્પણ છે. નિમ્ન પ્રકૃતિની અંદર રહેલા તત્ત્વો, કર્મો દ્વારા પ્રકટ થાય છે, એવી જ રીતે ઊર્ધ્વપ્રકૃતિના તત્ત્વોને ગ્રહણ કરવામાં પણ કર્મ વિશાળ ક્ષેત્ર પૂરું પાડે છે. કર્મો દ્વારા ત્યાગ, સેવા, નમ્રતા, સહિષ્ણુતા જેવા ગુણોનો વિકાસ થાય છે. જીવનને ઉન્નત કરનારાં જે મહાન મૂલ્યો છે તેનું પ્રતિસ્થાપન જંગલના એકાંતમાં નહીં પણ જનસમાજમાં રહીને કાર્યો કરતાં કરતાં થાય છે. કાર્યો કરતાં કરતાં આ મૂલ્યોની કસોટી પણ ડગલે ને પગલે થતી જોવા મળે છે. પણ ચંદનની જેમ ઘસાવાથી મૂલ્યનિષ્ઠ મનુષ્ય વધારે શુદ્ધ બને છે. તેનો અંતરમાં રહેલા પરમાત્મા સાથેનો સંબંધ પણ વધુ દૃઢ બને છે.

### કાર્યો દ્વારા સાધના

આપણા ધર્મગ્રંથોમાં, શાસ્ત્રોમાં કાર્યો અને સાધનાને અલગ પાડવામાં નથી આવ્યાં. કાર્યો પણ સાધના રૂપ બની શકે છે, તપ કરવાથી જે સિદ્ધિઓ મળે એથી પણ વિશેષ સિદ્ધિઓ કાર્યો, સ્વધર્મની ફરજો બજાવતાં બજાવતાં મેળવી શકાય છે એનાં બે શ્રેષ્ઠ દૃષ્ટાંતો મુનિ વેદવ્યાસે મહાભારતમાં આપ્યાં છે એક છે, જાજલિ મુનિનું દૃષ્ટાંતઃ જાજલિ મુનિ ભારે તપસ્વી હતા. તપ કરતા હતા, તો એટલું બધું તપ કર્યું કે લાંબી લાંબી જટાઓ થઇ ગઇ. આ જટાઓમાં પક્ષીઓએ માળા બાંધ્યા અને તેમાં ઇંડા મૂક્યાં ઇંડામાંથી જ્યાં સુધી બચ્ચાં ન થયાં ત્યાં સુધી તેઓ ખાધાપીધા વગર તપ કરતા બેસી રહ્યા. 'આવું તપ કોઇ ન કરી શકે' એમ મનમાં વિચાર આવતા ભારે ગર્વ અનુભવ્યો કે 'હું



કેવો ધર્મવેત્તા'! ત્યાં આકાશવાણી સંભળાઇ, ''જો તારે સાચો ધર્મ સમજવો હોય તો કાશીના વૈશ્ય તુલાધાર પાસે જા'' પોતાનાથી પણ મોટો ધર્મવેત્તા છે? અને તે ય વૈશ્ય? એટલે જાજલિ મુનિ કાશી આવી પહોંચ્યા. જોયું તો સામાન્ય વેપારી ગ્રાહકોને આપવાનો માલ જોખી રહ્યો હતો! એક ક્ષણ તો મનમાં થયું કે 'શું આની પાસે ધર્મનું જ્ઞાન હોઇ શકે?' પણ પછી પૂછ્યું ત્યારે તુલાધારે કહ્યું 'હું મારાં બધાં જ કર્તવ્ય કર્મો કરું છું. વેપાર પણ કરું છું, પણ ત્રાજવું સમતોલ રાખીને કામ કરું છું. આ ત્રાજવાની દાંડીની જેમ હું મારા મનને સદા ય સ્થિર રાખું છું. અને મહારાજ, હું એક જ ધર્મને જાણું છું કે જે સર્વના હિતને મનમાં રાખે તે ધર્મ,' આમ કઠોર તપશ્ચર્યાથી જાજલિ મુનિ ધર્મનો મર્મ નહોતા પામી શકયા તે મર્મ ત્રાજવાની દાંડી અને મનને સમતોલ રાખીને વેપાર કરતો, સંસારની સઘળી જવાબદારી વહન કરતો વેપારી તુલાધાર પામી શક્યો હતો.

મહાભારતમાં આવી જ એક બીજી વાત ચંડકૌશિકની છે : ચંડકૌશિકને ચમત્કારિક સિદ્ધિ મેળવવી હતી, એટલે તેણે ભારે તપ કર્યું હતું. તેણે ઊંધે માથે લટકીને, ધુમાડો પીને છ મહિના આકરું તપ કર્યું અને પરિણામે, તે કોઇના ઉપર ક્રોધથી દૃષ્ટિ કરે તો તેને બાળીને ભસ્મ કરી દેવાની શક્તિ મળી. એક વૃક્ષ નીચે તે બેઠો હતો અને તેના માથા ઉપર ચરક પડી. જોયું તો ઉપર બગલી બેઠી હતી! તેણે બગલી સામે જોયું અને બગલી બળીને ભસ્મ થઇ ગઇ. તેને પોતાની સિદ્ધિ ઉપર ભારે ગર્વ થયો. પછી તે ભિક્ષા માગવા નગરમાં ગયો. એક ઘરે ભિક્ષા માંગી. અંદરથી જવાબ આવ્યો, ''મહારાજ, થોભો, હમણાં આપું છું.'' પણ બ્રાહ્મણી પતિની સેવામાં હતી, એટલે વધારે વાર થઇ.

જ્યારે બ્રાહ્મણીએ બારણું ખોલ્યું, તો કૌશિક ભારે ગુસ્સામાં હતો, એ જોઈને બ્રાહ્મણીએ કહ્યું : 'મહારાજ, ગુસ્સે ન થાઓ હું કંઈ વનની બગલી નથી કે તમે મને ભસ્મ કરી દેશો' તેને ભારે આશ્ચર્ય થયું કે સામાન્ય બ્રાહ્મણ પત્ની ઘરની બહાર પણ નથી નીકળી અને તેને આ કેમ ખબર પડી? ''હવે ગુસ્સો ઓગળી ગયો અને નમ્ર બની પૂછ્યું :'' માતા, આપે આ કેવી રીતે જાણ્યું? એ વિદ્યા મને શીખવો.

''મહારાજ, હું કોઈ શાસ્ત્રો ભણી નથી. એવી કોઈ વિદ્યા પણ મારી પાસે નથી. ઘર ગૃહસ્થીના કાર્યો કરતાં કરતાં, અને મારા પતિની સેવા કરતાં કરતાં મારું અંતર ખુલી ગયું છે! પણ હું તમને એ જ્ઞાન આપી શકીશ નહીં. કેમકે તમારા ગુરુ બીજા છે.''

''ફરી કૌશિકને આશ્ચર્ય થયું, મારા ગુરુ વિષે પણ તમે જાણો છો?'' હા, મિથિલાનગરીના ધર્મવ્યાધ તમને જ્ઞાન આપશે.

અને પછી બ્રાહ્મણે મિથિલાનગરીની વાટ પકડી. ત્યાં ગામને છેવાડે રહેતા ધર્મવ્યાધને શોધી કાઢ્યો તેણે જોયું તો તે માંસ કાપીને ગ્રાહકને આપી રહ્યો છે. તેને થોડે દૂર ઊભેલો જોઈને તેણે કહ્યું : 'આવો મહારાજ, તમને બ્રાહ્મણી માએ મોકલ્યાં છે ને? પણ હમણાં હું કામમાં છું. મારા માતાપિતાને જમાડી લઉં. એમ કહી જેના ઉપર માંસ કાપતો હતો, એવો એક પથ્થર કૌશિકને બેસવા આપ્યો.' ''અરે, આવા મનુષ્ય પાસેથી જ્ઞાન મેળવવાનું? એ કેટલું હલ્કું કામ કરી રહ્યો છે! એની પાસે જ્ઞાન હોય?'' એનું મન વિચારી રહ્યું. સાથે સાથે એ જોતો રહ્યો. ધર્મવ્યાધે એના માતાપિતાને ખૂબ પ્રેમથી જમાડ્યા. એ પછી કૌશિક પાસે આવ્યો. કૌશિકે પૂછ્યું, ''તમને આ સિદ્ધિ કેવી રીતે



મળી?'' એણે કહ્યું : હું કોઈ શાસ્ત્રો ભણવા ગયો નથી, મેં એવું કોઈ તપ પણ કર્યું નથી, પણ હું મારાં કર્તવ્ય કર્મ સારી રીતે કરી રહ્યો છું. મારો ધર્મ સારી રીતે બજાવું છું. પછી તેણે કૌશિકને ભારપૂર્વક કહ્યું, 'મહારાજ, પોતપોતાના ધર્મમાં રત રહેનાર વ્યક્તિને સિદ્ધિઓ સહજ હોય છે. સેવારૂપી સ્વધર્મનું પાલન કરો. બધી સિદ્ધિઓ તમને સ્વધર્મનું પાલન કરવાથી જ મળશે.'

આ રીતે મહાભારતકાર મુનિ વેદવ્યાસે ઊંચામાં ઊંચુ બ્રહ્મજ્ઞાન, વેપાર કરતા વૈશ્ય, ઘરકામ કરતી ગૃહિણી, અને સમાજની દૃષ્ટિએ હલ્કામાં હલ્કું ગણાવી શકાય તેવું કસાઈનું કામ કરતા વ્યાધ દ્વારા પ્રગટ કરીને એ જણાવ્યું છે કે ગમે તે પ્રકારનું કામ કરતાં કરતાં પ્રભુને પામી શકાય છે.

આપણા મધ્યયુગના કેટલાય સંતોએ પણ આજીવિકા પ્રાપ્ત કરવાના કાર્યો કરતાં કરતાં ભગવાન મેળવ્યા છે. કબીરજીએ વસ્ત્રો વણતાં વણતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું, એ જ રીતે દક્ષિણના મહાન સંત તિરુવરુપદ્વકરે પણ વસ્ત્રો વણતાં વણતાં પરમતત્ત્વને પ્રાપ્ત કર્યું. મીરાંના ગુરુ રઈદાસ ચમાર હતા. મરેલા ઢોરના ચામડા કઢાવવાનું કામ કરતા હતા પણ અંતરમાં બિરાજતા શ્રીપ્રભુ સાથે તદ્રુપ હતા. ગોરાકુંભાર માટી ખૂંદતા ખૂંદતા ને માટલાં ઘડતાં ઘડતાં ઈશ્વરમય બની ગયા હતા. જનાબાઈ પારકા ઘરે કામ કરતી કરતી ને દળણાં દળતી દળતી 'વિઠ્ઠલ'ને પામી હતી. આવાં અનેક ઉદાહરણો દ્વારા આપણને એ સ્પષ્ટપણે પ્રતીતિ થાય છે કે સંસારમાં રહીને, સંસારની સઘળી જવાબદારી વહન કરીને, કામ કરતાં કરતાં પણ ભગવાન મેળવી શકાય છે.

# રસેશ્વરી

(ગતાંક થી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

ભોજ અને અંધકવંશીયો વીરોએ એને ઘેરી લીધો ત્યારે પ્રદ્યુમ્ન ક્રોધે ભરાઇ ને સાત્યકિને બચાવવા ભોજવંશીય વીરો સાથે લડવા લાગ્યો.

સાત્યકિએ અંધકવંશીયો સાથે લડવાનું શરૂ કર્યું.

થોડા જ વખતમાં ત્યાં ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું.

પ્રતિસ્પર્ધીઓની મોટી સંખ્યા આગળ વિરોચિત સામનો કરવા છતાં એ ના ટકી શક્યા.

એમને મરેલા જોઇને કૃષ્ણે ક્રોધાતુર થઇને એરકા ઘાસ ઉખાડી લીધું.

એમના હાથમાં એ ઘાસ વજ્ર જેવું ભયંકર બની ગયું.

એણે અનેક શૂરવીરોનો સંહાર કર્યો.

અંધક, ભોજ, શિનિ તથા વૃષ્ણિવંશના વીરો પરસ્પર લડવા લાગ્યા.

એ ઘાસ એને ગ્રહણ કરનારના હાથમાં વજ્ર જેવું બની જતું.

એથી મદોન્મત્ત યાદવો પરસ્પર લડીને ધરાશાયી થવા લાગ્યા.

મુનિનો શાપ સફળ થયો.

મોટા ભાગના વીરોનો વિનાશ થઇ ગયો.



વિનાશની એ અસાધારણ ઘટના પછી કૃષ્ણે દારુકને કહ્યું :

'તારા પર મને પૂરતો વિશ્વાસ છે. તેથી તને એક મહત્ત્વનું કામ સોંપું છું. હસ્તિનાપુર જઇને તું અર્જુનને યાદવોના સર્વસંહારની સૂચના આપ. અર્જુન અહીં વહેલી તકે આવી પહોંચે એવી વ્યવસ્થા કર. હું પોતે થોડા વખતમાં મારા શરીરનો પરિત્યાગ કરવા ઇચ્છું છું. મારી જીવનલીલા સંકેલાઇ જશે પછી દ્વારકા નહીં બચી શકે. એની ઉપર સમુદ્ર ફરી વળશે. યદુકુળમાં જે સ્ત્રીઓ, વૃદ્ધો ને બાળકો બચી ગયાં છે તેમની રક્ષા કરીને તેમને સાનુકૂળ સ્થાનમાં વસાવવાનું કામ અર્જુન કરશે.'

'પણ તમે જીવનલીલાને સંકેલી લેવાનો વિચાર શા માટે કરો છો? તમે હજુ વધારે વખત રહો તો...'

'મારી લીલાને સંકેલવાનો સમય આવી પહોંચ્યો છે. કુદરતનો જે નિશ્ચિત ક્રમ છે એને હું પણ અનુસરીશ.'

દ્વારુક દેખીતી રીતે દુઃખી બન્યો.

કૃષ્ણે એને આશ્વાસન આપતાં કહ્યું :

'તારે એક બીજું કામ પણ કરવાનું છે.'

'શું?'

'વૃંદાવન જઇને આ બધા સમાચાર તારે રાધાને પણ પહોંચાડવાના છે. એને કહેજે કે કૃષ્ણ તને નથી ભૂલ્યો ને નહીં ભૂલી શકે. નંદયશોદાનું તો મૃત્યુ થયું છે તોપણ એમના આવાસે જઇને અનુરાગની અંજલિ આપી આવજે.'

દારુકે આંખ લૂછી.

એ પછી તરત જ બળરામે સમાધિ લીધી.

કૃષ્ણ શાંતચિત્તે ભૂતકાળની ઘટનાઓનું ને રાધાનું સ્મરણ કરતા ભાલકા તીર્થની પાસેના પ્રદેશમાં વિશાળ વટવૃક્ષની નીચે વિશ્રામ કરી રહેલા ત્યારે એમના ચંદનસુવાસિત ચારુ ચરણમાં બાણ વાગ્યું.

એ બાણ જરા નામના વ્યાધનું હતું.

થોડી વારમાં એ આવી પહોંચ્યો ને અશ્રુપૂર્ણ આંખે બોલ્યો :

'મારાથી અજાણતાં એક મહાભયંકર અપરાધ થઇ ગયો. મેં તમારા ચરણને મૃગ સમજીને બાણ માર્યું. મારા અપરાધ માટે મને ક્ષમા કરો.'

કૃષ્ણે સસ્મિત જણાવ્યું :

'તેં અપરાધ કર્યો છે એ સાચું છે પરંતુ એ અપરાધ અજ્ઞાત દશામાં થયો છે એ પણ એટલું જ સાચું છે માટે એને માટે ક્ષમા કરવાનો પ્રશ્ન જ નથી. જે થઇ રહ્યું છે તે યોગ્ય જ થઇ રહ્યું છે. મારા શરીરત્યાગનો સમય પાસે છે. તું એમાં નિમિત્ત બન્યો છે.'

કૃષ્ણના શરીરત્યાગના સંકલ્પના સમાચાર બધે ફેલાઇ ગયા.

સરિતા અને સાગરના સુભગ સંગમની સમીપના સ્થાનમાં પીપળાના વૃક્ષ નીચે પુણ્યપ્રદ પ્રભાક્ષેત્રમાં એમણે આસન વાળ્યું ત્યારે ઋષિમુનિઓએ એમની ઉપર ફૂલોની વૃષ્ટિ કરી.

કૃષ્ણે એમને પ્રણામ કરતાં કહ્યું :

'મુનિનો શાપ છેવટે સાર્થક થયો છે. મૂશળનો ને એની લોઢાની પટ્ટીનો ભૂકો કરાવીને સમુદ્રમાં નંખાવી દીધો તોપણ એણે પોતાનો ભાગ ભજવ્યો જ. એના પરિણામે ઘાસ ઊગી નીકળ્યું. લોઢાના બાકી રહેલા ટુકડાને માછલી ગળી ગયેલી. તે



ટુકડો માછલી દ્વારા પારધિ પાસે આવ્યો. એમાંથી એણે બાણનું ફળું બનાવ્યું. અને એ મારા ચરણમાં વાગ્યું.'

કૃષ્ણે દારુકને ફરી એની એ સૂચના આપીને પોતાની લીલા યોગશક્તિથી સંકેલી લીધી.

સરસ્વતી તથા સાગરનો એ સંગમપ્રદેશ ધન્ય બન્યો.

દારુકે દ્વારકા જઇને વસુદેવ, દેવકી અને ત્યાંના નિવાસીઓને એ સમાચાર પહોંચાડ્યા ને કહ્યું :

'કૃષ્ણે કહેવડાવ્યું છે કે આજથી સાતમે દિવસે દ્વારકા પર સમુદ્ર ફરી વળશે માટે તમે આ પ્રદેશનો ત્યાગ કરો.'

સૌ શોક કરવા માંડ્યાં.

એક સો વીસ જેટલા વરસે શરીરત્યાગ કરનાર કૃષ્ણનો વિરહ સૌને સાલવા લાગ્યો.

ઉદ્ધવે કૃષ્ણના આદેશાનુસાર બદરીનાથ પ્રતિ પ્રયાણ કર્યું.

રુકિમણી કૃષ્ણની પાછળ સતી થઇ.

વસુદેવ—દેવકી પણ એ આઘાતની અસર નીચે વધારે ના જીવી શક્યાં.

દારુકે હસ્તિનાપુર જઇને સઘળા સમાચાર કહી સંભળાવ્યા.

એ પછી એ વૃંદાવન ગયો પરંતુ એને રાધા ના મળી શકી.

સુપ્રિયાએ જણાવ્યું :

'કૃષ્ણે પોતાની જીવનલીલાને સંકેલી લીધી એ જ વખતે રાધાએ મને એકાએક કહ્યું કે કૃષ્ણ હવે આ પૃથ્વી પર નથી.'

મેં કહ્યું કેમ? તો એણે કહ્યું કે કૃષ્ણે પોતાનું શરીર છોડી દીધું

છે. મારી દિવ્ય દૃષ્ટિથી મને એ જણાઈ ગયું છે.

એમ?

હા.

તો પછી?

હવે મારું કાર્ય પણ પૂરું થયું. જ્યાં કૃષ્ણ છે ત્યાં જ હું પણ પહોંચી જઈશ. તું થોડોક સમય શાંતિથી રહીને પછી અમારી પાસે આવી પહોંચજે.

અને એવું કહેતાંવેંત રાધા કૃષ્ણ કૃષ્ણ કરતી શાંત થઈ. એનો આત્મા ઊડી ગયો.

એનું ને કૃષ્ણનું શરીર એ રીતે એક જ દિવસે શાંત થયું.

દારુક સ્તબ્ધ બની ગયો.

સુપ્રિયા ભાવવશ બનીને ફરી બોલી :

'રાધા પ્રેમની મહાદેવી હતી પ્રત્યક્ષ પ્રતિમા. એને મોટા ભાગનાં માનવી નથી ઓળખી શક્યાં અને આગળ પર પણ ઓળખી શકશે કે કેમ એ શંકા જ છે. ભવિષ્યની પ્રજા રાધા નામની રસમૂર્તિ, પવિત્રતાની પ્રતિમા, કૃષ્ણપ્રેમી સુકુમારી આ પૃથ્વી પર પ્રકટેલી એની કલ્પના પણ કદાચ નહીં કરી શકે. રાધાના વ્યક્તિત્વની વાસ્તવિકતાને એ હસી કાઢશે. પરંતુ હું એની સાક્ષી છું. એણે મને કહેલું કે કૃષ્ણના કહેવાથી દારુક અહીં આવી પહોંચશે. તું એને સંદેશ પ્રદાન કરજે. મેં એ કાર્ય પૂરું કર્યું છે અને હવે હું પણ શરીર છોડી દઈશ.'

★ ★ ★



કૃષ્ણના લીલાસંવરણના સમાચારથી પાંડવો અત્યંત દુઃખી થયા.

અર્જુને દારુક સાથે પ્રભાસક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

કૃષ્ણની છેવટની સ્મૃતિ સાથે સંકળાયેલા સંગમસ્થળને મૂક અંજલિ આપતી વખતે એનું હૈયું હાથમાં ના રહ્યું.

કૃષ્ણના જીવનનાં અસંખ્ય સંસ્મરણો એની આંખ આગળ સજીવન થયાં.

કૃષ્ણના આદેશનું પાલન કરતાં એણે સ્ત્રીઓ, બાળકો ને વૃદ્ધો સાથે હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ કર્યું તે પછી ભગવાન કૃષ્ણ દ્વારા નિર્મિત દ્વારકામાં જાણે એમના વિયોગને સહન કરવાની વધારે શક્તિ ના રહી.

સમુદ્રનો શોક પણ પરાકાષ્ઠા પર પહોંચ્યો.

એનાં ઉત્તુંગ ક્ષુબ્ધ વિક્ષુબ્ધ તરંગોએ માઝા મૂકી.

દ્વારકાને એ તોફાની તરંગોએ પોતાના ઉદરમાં સમાવી લીધી ત્યારે પ્રલય જેવું દશ્ય ઉપસ્થિત થયું.

વાતાવરણમાં બધે કૃષ્ણ કૃષ્ણના પ્રતિધ્વનિ પડી રહ્યા.

નજદીકના ભવિષ્યમાં ઉપરામવૃત્તિવાળા પાંડવોએ વેદ વ્યાસની અનુમતિથી પરીક્ષિતનો રાજ્યાભિષેક કર્યો ને હિમાલય પ્રતિ પ્રયાણ કર્યું.

(સંપૂર્ણ)